


RNI No. GUJGUJ /2008/26148

GARVI GUJARAT

# ગરવી ગુજરાત

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 18
Issue : 106
Dt.: 26-12-2025, Friday
Page : 04
Rs.00.50 paisa

EDITOR : AJAYKUMAR RAMANLAL PRAJAPATI (AJAY PATNI) Regd. Office: TF-01, Nakranam Super Market,Ramnagar,Sabarmati, Ahmedabad-380 005. Gujarat, India.

Phone : 90163 33307 (M) 93283 33307, 98253 33307 • Email : garvigujarat2007@gmail.com • Email : garvigujarat2007@yahoo.com • Website : www.garvigujarat.co.in


# રામ મંદિરના 'અંગદ ટીલા' ઉપર સ્થપાશે રામલલાની સુવર્ણ પ્રતિમા

## કર્ણાટકના બેંગલુરુના રહેવાસી જયશ્રીફનીશ દ્વારા અર્પણ કરાયેલી આ પ્રતિમા મંગળવારે સાંજે અયોધ્યા પહોંચી

(સંપૂર્ણ સમાચાર સેવા)અયોધ્યા

અયોધ્યામાં રામલલા મંદિર પરિસરમાં ટૂંક સમયમાં એક ભવ્ય અને કિંમતી સુવર્ણ પ્રતિમા બિરાજમાન કરાશે. કર્ણાટકના બેંગલુરુના રહેવાસી જયશ્રીફનીશ દ્વારા અર્પણ કરાયેલી આ પ્રતિમા મંગળવારે સાંજે અયોધ્યા પહોંચી ગઈ હતી. આ સુવર્ણ પ્રતિમા પર હીરા, માણેક અને પન્ના જેવા કિંમતી રત્નો જડવામાં આવ્યા છે. આ મૂર્તિનું મૂલ્ય જાહેર કરાયું નથી, પરંતુ એવું કહેવાય છે કે તેની કિંમત રૂ. ૩૦ કરોડ જેટલી હોઈ શકે છે.

આ દક્ષિણ ભારતની પરંપરાગત તાંજાવુર શૈલીમાં તૈયાર કરાયેલી માત્ર એક કલાકૃતિ નથી, પરંતુ આપણો અમૂલ્ય સાંસ્કૃતિક વારસો છે. સોનાના વરખ અને કિંમતી રત્નોના જડતર સાથેની આ કલાકૃતિ જયશ્રી ફનીશે જ તૈયાર કરી છે, જે તેમણે 'શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર' ટ્રસ્ટને દાનમાં આપી દીધી છે. આ કલાકૃતિ બેંગલુરુથી ૧,૯૦૦ કિલોમીટર દૂર અયોધ્યા સુધી પહોંચાડવા જયશ્રી ફનીશે ભારતીય ટપાલ વિભાગની મદદ લીધી હતી.

દક્ષિણ ભારતીય શૈલીમાં તૈયાર કરાયેલી આ મૂર્તિ આશરે ૧૨ ફૂટ ઊંચી અને ૮ ફૂટ પહોળી છે, જ્યારે તેનું વજન ૬૦૦ કિલો જેટલું છે. શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટના સભ્ય ડૉ. અનિલ મિશ્રાએ જણાવ્યું હતું કે, 'આ દાતાએ તેમની ઓળખ ગુપ્ત રાખી છે. હાલ મૂર્તિની વિવિધ સ્તરે ચોકસાઈ કરાઈ રહી છે.' આ ઉપરાંત હીરા, નીલમ અને સોનાથી મઢેલી આ મૂર્તિમાં કઈ ધાતુ-રત્નોનો કેટલો ઉપયોગ થયો છે, તેની પણ નિષ્ણાતો દ્વારા તપાસ કરાઈ રહી છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, આ ભવ્ય પ્રતિમાને રામ મંદિરના સંત તુલસીદાસ મંદિર પાસે આવેલા 'અંગદ ટીલા' પર સ્થાપિત કરાશે. પ્રતિમાના અનાવરણ બાદ એક ભવ્ય પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ પણ યોજાશે, જેમાં દેશભરના સાધુ-સંતો અને મહંતો ઉપસ્થિત રહેશે.

રામલલાની આ મૂર્તિ તૈયાર કર્યા પછી સૌથી મોટો પડકાર બેંગલુરુથી અયોધ્યા સુધી તેને પહોંચાડવાનો હતો. આ માટે ભારતીય ટપાલ વિભાગે બીડું ઝડપી લીધું હતું. ૧૨ ફૂટ ઊંચાઈ અને ૮ ફૂટ પહોળાઈ ધરાવતી આ કલાકૃતિનું વજન આશરે ૬૦૦ કિલોગ્રામ હતું, પરંતુ પેકિંગ કરતા જ તેનું વજન ૮૦૦ કિલોએ પહોંચ્યું હતું.

આટલા લાંબા પ્રવાસમાં મૂર્તિને કોઈ પણ પ્રકારના સંભવિત નુકસાનથી બચાવવા તેના પર મલ્ટિ-લેયર બબલ રેપિંગ કરાયું હતું. એટલું જ નહીં, તેને ખાસ ડિઝાઈન કરેલા લાકડાના બોક્સમાં પેક કરાઈ હતી.

૧૭ ડિસેમ્બર ૨૦૨૫ના રોજ બેંગલુરુથી આ મૂર્તિ લઈને રવાના થયેલું વાહન હૈદરાબાદ, નાગપુર, જબલપુર, રીવા અને પ્રયાગરાજ થઈને આશરે ૧,૯૦૦ કિલોમીટરનું અંતર કાપી ૨૨ ડિસેમ્બરે અયોધ્યા પહોંચ્યું હતું. આ સમગ્ર મુસાફરીમાં ટપાલ વિભાગના વરિષ્ઠ અધિકારીઓ સતત વાહનની સાથે રહ્યા હતા. અયોધ્યા પહોંચીને પણ મૂર્તિનું પેકેટ ક્રેન અને આધુનિક ઉપકરણો દ્વારા અનલોડ કરાયું હતું. આમ, અયોધ્યામાં શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્રના મહા સચિવ ચંપત રાયની હાજરીમાં આ કલાકૃતિ વિધિવત રીતે ટ્રસ્ટને સોંપાઈ હતી.

આ મિશન ભારતીય ટપાલ વિભાગ માટે એક સિદ્ધિ સમાન છે. કર્ણાટક, તેલંગાણા, મહારાષ્ટ્ર, મધ્ય પ્રદેશ અને ઉત્તર પ્રદેશ એમ પાંચ રાજ્યોના પોસ્ટલ સર્કલ વચ્ચેના શ્રેષ્ઠ સંકલનને કારણે જ ખૂબ સરળતાથી આ મૂર્તિ અયોધ્યા પહોંચી શકી હતી. અંતિમ તબક્કામાં તો રસ્તામાં ગાઢ ધુમ્મસનો સામનો કરીને મૂર્તિને સુરક્ષિત રીતે અયોધ્યા પહોંચાડાઈ હતી.

રામલલાના પ્રાણ પ્રતિષ્ઠાના બે વર્ષ પૂર્ણ થવાના અવસરે ૨૯ ડિસેમ્બર ૨૦૨૫થી ૨ જાન્યુઆરી ૨૦૨૬ દરમિયાન 'પ્રતિષ્ઠા દ્વાદશી'ની ભવ્ય ઉજવણી કરાશે. આ પાંચ દિવસીય મહોત્સવમાં રામ મંદિરના ગર્ભગૃહમાં અભિષેક, શૃંગાર, ભોગ અને પ્રાગટ્ય આરતી જેવા ધાર્મિક અને સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન કરાશે.

### એક બટન દબાવશે તો તરફડિયા મારશે

# ભારત ઈચ્છે તો હથિયાર ઉપાડ્યા વગર જ બાંગ્લાદેશનો ખેલ ખતમ કરી શકે

## બાંગ્લાદેશે પોતાની બરબાદીની કહાની પોતે જ લખી છે, શેખ હસીનાએ દેશ છોડ્યા બાદ ત્યાં પરિસ્થિતિ બગડી

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

૧૦૪.૪૮ અબજ ડોલર એટલે કે લગભગ ૮.૭ લાખ કરોડ રૂપિયાના કરજમાં ડૂબેલું બાંગ્લાદેશ આર્થિક રીતે પાયમાલ થઈ રહ્યું છે. રાજકીય અસ્થિરતા અને હિંસાએ દેશને ડામાડોળ કરી નાખ્યો છે. કંપનીઓ બાંગ્લાદેશ છોડી રહી છે. દેશ ૧૪ ટકાની ઝડપે વધી રહેલા દેવાના દળદળમાં ફસાઈ રહ્યો છે. જે બાંગ્લાદેશમાં લોકોને ખાવાના સાંસાં પડી રહ્યા છે તે આજે ભારતને ધમકાવી રહ્યું છે. ભારતને પોકળ ધમકીઓ આપતા બાંગ્લાદેશમાં હિન્દુઓ પર મોટાપાયે અત્યાચાર થઈ રહ્યા છે. તેણે ભારતમાં પોતાની વિઝા સેવા પણ બંધ કરી.

બાંગ્લાદેશે પોતાની બરબાદીની કહાની પોતે જ લખી છે. શેખ હસીનાએ દેશ છોડ્યા બાદ ત્યાં સ્થિતિ બગડી. વિદ્રોહ ચરમ સીમાએ છે, રસ્તાઓ લોહીથી લાલ છે, લોકોને જીવતા બાળી મૂકવામાં આવે છે, જે દેશની અર્થવ્યવસ્થા ખાડે ગઈ હોય ત્યાં હિંસા વકરી રહી છે. જેને ભારતે આઝાદી અપાવી, જે એક સમયે ભારતને ઈકોનોમીમાં ટક્કર આપી રહ્યું હતું હવે તે બદતર સ્થિતિમાં પહોંચી ગયું છે. હવે સવાલ એ છે કે શું બાંગ્લાદેશ ભારત સામે ઊભા રહેવાની સ્થિતિમાં છે ખરું?

ભારત અને બાંગ્લાદેશ વચ્ચે મોટા પાયે વેપાર થાય છે. પરંતુ હાલ બાંગ્લાદેશ જે કરી રહ્યું છે તેના પ્રતાપે જલદી આ દેશ ભૂખથી તડપશે. ભારતના ઘઉં, ચોખા, ખાંડ, ડુંગળી, બટાકા, લસણ, મસાલા, ફળ, શાકભાજી, કપાસ, રિફાઈન પેટ્રોલ, ડીઝલ, પ્લાસ્ટિક, સ્ટીલ, દવાઓ એટલે સુધી કે વીજળી સપ્લાય પણ ભારતથી થાય છે. ભારત વગર તેનું કામ ચાલતું નથી. ૨૦૨૨-૨૩માં બંને દેશો વચ્ચે કુલ ૧૬ અબજ ડોલરનો વેપાર હતો. ભારત બાંગ્લાદેશ પાસેથી ૨ અબજ ડોલરનો સામાન ખરીદે છે જ્યારે ૧૪ અબજ ડોલરથી વધુ વેચાણ કરે છે. ફક્ત લેવડદેવડ નહીં પરંતુ ભારતે બાંગ્લાદેશને મદદ માટે ૮ અબજ ડોલર આપ્યા છે. જેની મદદથી ત્યાં રસ્તા, રેલ, પોર્ટ્સ તૈયાર કરાયા છે. બાંગ્લાદેશમાં વીજળીના કુલ સપ્લાયમાં ભારતની ભાગીદારી ૧૭ ટકા છે. એટલે કે જો ભારત એક સ્વિચ બંધ કરે તો બાંગ્લાદેશ અંધારામાં ડૂબશે. ફેક્ટરીઓ બંધ થશે. તેની લાઈફલાઈન ઠપ્પ થશે. ભારતની એક ખાનગી કંપની જ ત્યાં એકલા હાથે દરરોજ લગભગ ૧૫૦૦ મેગાવોટનો પૂરવઠો પૂરો પાડે છે.

ચીન અને પાકિસ્તાનના દમ પર કૂદાકૂદ કરતું બાંગ્લાદેશ એ ભૂલી ગયું છે કે ભારત વગર તેનું કામ ચાલી શકે તેમ નથી. જેની ૯૪ ટકા સરહદ ભારત સાથે જોડાયેલી હોય, જેની થાળીમાં ભારતીય સામાન હોય, જેના ઘરની વીજળી પણ ભારતથી ચાલતી હોય તે ભારત સાથે પંગો લઈને કેટલું ટકી શકે. કિંગ્સ કોલેજ લંડનના પ્રોફેસર હર્ષ પંતનું માનીએ તો ભારત પાસેથી જેટલો સસ્તો સામાન બાંગ્લાદેશને મળે છે તે ચીન કે અમેરિકા પાસેથી ન મળી શકે.

સ્પષ્ટ શબ્દોમાં કહીએ તો બાંગ્લાદેશની અર્થવ્યવસ્થાનું ઈંધણ ભારતથી આવે છે. જો ભારત હાથ ઊંચા કરે તો બાંગ્લાદેશ બરબાદ થઈ જશે. મોંઘવારી ચરમસીમાએ પહોંચશે. બેરોજગારી અને જીડીપી પર સીધી અસર પડશે. જે કિંમતે ભારત બાંગ્લાદેશને સામાન વેચે છે તેના ભાવ પર દુનિયાનો કોઈ દેશ તેને તે આપી શકે નહીં. ભારત વગર તેનો વેપાર શક્ય નથી. જો બંગાળની ખાડીથી તે સામાન મંગાવે તો તેના દેવામાં ઘણો વધારો થઈ શકે.

બાંગ્લાદેશ પોતાના સૌથી મોટા ઉદ્યોગ ટેક્સટાઈલના કારણે જીવતું છે. ભારત પાસેથી કપાસ ખરીદીને તે સસ્તા લેબરના કારણે કપડાં બનાવીને દુનિયાને વેચે છે. ભારત જો કુલ કપાસ અને જ્યૂટના ૩૫ ટકા જેટલું બાંગ્લાદેશને વેચે છે તે બંધ કરે તો બાંગ્લાદેશની ઈકોનોમી ક્રેશ થઈ શકે. કારણ કે બાંગ્લાદેશની ઈકોનોમીમાં કપડાં ઉદ્યોગની ભાગીદારી ૧૧ ટકા છે. ઓગસ્ટથી અત્યાર સુધીમાં બાંગ્લાદેશની અર્થવ્યવસ્થાને લગભગ ૨ કરોડ રૂપિયાનો ફટકો પડી ચૂક્યો છે. આવામાં ભારત સામે બાંગ્લાદેશ ક્યાંય ટકી શકે તેમ નથી.

### યુવકોએ વીડિયો વાયરલ કરી મદદ માટે પોકાર લગાવ્યો

# ગુજરાતના ૧૦ યુવકો મ્યાનમારમાં ફસાયા

## અમને અલગ જ કામ કરાવે છે, અમને ક્યાંય જવા પણ નથી દેતા અને ૧૪થી ૧૮ કલાક સુધી કામ કરાવે છે

(સંપૂર્ણ સમાચાર સેવા)મ્યાનમાર

વિદેશમાં નોકરીનું વળગણ ગુજરાતના ૧૦ યુવકોને ભારે પડ્યું છે. સાવલી તાલુકાના સાંઢાસાલ ગામના ગુંજન શાહ સહિત ગુજરાતના કુલ દસ યુવકો નોકરીની લાલચે ગયા બાદ મ્યાનમારમાં ફસાયા છે. છેલ્લા વીસ દિવસ અટવાયા બાદ યુવકોએ વીડિયો વાયરલ કરી મદદ માટે પોકાર લગાવ્યો છે.

વાયરલ વીડિયોમાં અનેક યુવકો દેખાઈ રહ્યા છે. જેમાંથી એક યુવકે આપવીતી જણાવતાં કહ્યું હતું કે અમને દગો કરીને અહીં લાવવામાં આવ્યા છે. અમને કામ આપવાના બહાને કહ્યું હતું કે તમને ડેટા એન્ટ્રીનું કામ મળશે. કોઈને જાહેરાત કરવાની લાલચ આપી બોલાવવામાં આવ્યા, અહીં આવ્યા ત્યારે ખબર પડી કે અમને અલગ જ કામ કરાવે છે એ પણ બળજબરીપૂર્વક, અમને ક્યાંય જવા પણ નથી દેતા અને ૧૪થી ૧૮ કલાક સુધી કામ કરાવે છે. વીડિયોમાં ઘણા બધા યુવકો અને યુવતીઓ છે જે મોઢે માસ્ક પહેરી ઊભા છે.

વધુમાં યુવકે જગ્યાનું નામ આપતાં જણાવ્યું કે અમને કંપનીમાંથી નીકળવાનો મોકો મળ્યો એટલે મ્યાનમારમાં માયાવાડી કરીને વિસ્તાર છે જ્યાં એક દ્વર્ઈ છે ત્યાં ૪ ડિસેમ્બરથી અમે રોકાયેલા છીએ, ૭ તારીખે અમારું ઈમિગ્રેશન થઈ ચૂક્યું છે. પરંતુ અમારી પાસે ફોન નથી એટલે અમે કોઈનો કોન્ટેક્ટ નથી કરી શકતા, તો અમે ભારત સરકારને વિનંતી કરીએ છીએ કે દરેક રાજ્યમાંથી અહીંયા લોકો ફસાયેલા છે. જો તમને આ વીડિયો મળે તો અમને અહીંથી કાઢવાનો પ્રયાસ કરો

અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા આ પ્રકારના રેકેટ બાબતે લોકોને જાગૃત કરતો એક વીડિયો બનાવવામાં આવ્યો હતો. જેને જોયા બાદ પોતે પણ ફસાયા અને છેતરાયા હોવાનું પ્રતીત થતાં કંપનીમાંથી ગુજરાતના ૧૦ સહિત દેશના અનેક રાજ્યોના યુવકો કંપનીમાંથી છટકબારી શોધી ભાગી છૂટયા હતા. જેમાંથી સાવલીના સાંઢાસાલ ગામનો ગુંજન શાહ નામનો યુવક પણ વીસથી વધુ દિવસથી ત્યાં ફસાયો છે. પરિવારને ફસાયેલા યુવકો અંગે જાણ થતાં તે ચિંતાતુર બન્યો છે. અને ગુજરાત અને ભારત સરકારને યોગ્ય મદદ માટે રજૂઆત કરી રહ્યો છે. ગુંજન શાહની માતાએ ગળે ડૂમો ભરાયેલી શબ્દોમાં કહ્યું કે મારો દીકરો થાઈલૅન્ડના તાકમાં ચાર મહિનાથી ગયો હતો છેલ્લા ૨૦ દિવસથી તેમણે અજુગતું લાગતાં ત્યાંથી નીકળી મ્યાનમાર જઈ ત્યાં ફાઈલ રિપોર્ટ આપી દીધા છે. જે અમે પણ સરકારને સોંપી દીધા છે પણ હજુ સુધી કોઈ એક્શન લેવામાં આવ્યા નથી. અમે મીડિયા દ્વારા ધ્યાન દોરવા માંગીએ છીએ કે દરેક ભારતીય છોકરા જે ફસાયા છે તેમણે પરત ભારત લાવવા માટે વ્યવસ્થા કરવામાં આવે. ફસાયેલા ગુંજન શાહના પિતાએ કહ્યું કે ત્યાંની સરકારે ઈમિગ્રેશન મંજૂર કરી દીધું છે ભારત સરકાર મદદ કરે તેવી આશા છે.

# પહેલી વાર એવું બનશે કે સંસદના એકેય ગૃહમાં બસપાના કોઈ સાંસદ નહીં હોય

(સંપૂર્ણ સમાચાર સેવા)લખનઉ

ઉત્તર પ્રદેશના ૧૦ રાજ્યસભા સાંસદોનો કાર્યકાળ નવેમ્બર ૨૦૨૬માં ખતમ થઈ રહ્યો છે. આ ૧૦ રાજ્યસભા સાંસદોમાં ભાજપના ૮, સપાના અને બસપાના એક-એક સભ્ય છે. ૨૦૨૬માં રિટાયર થનારા રાજ્યસભા સાંસદોમાં ભાજપમાંથી બૃજલાલ, સીમા દ્વિવેદી, ચંદ્રપ્રભા ઉર્ફ ગીતા, હરદીપ સિંહ પુરી, દિનેશ શર્મા, નીરજ શેખર, અરુણ સિંહ અને બીએલ વર્માનું નામ સામેલ છે. સપામાંથી પ્રોફેસર રામગોપાલ યાદવ અને બસપામાંથી રામજી ગૌતમ છે. રામજી ગૌતમ બાદ બસપા શૂન્ય સાંસદોવાળી પાર્ટી બની જશે. લગભગ ૩૬ વર્ષમાં પહેલી વાર એવું બનશે, જ્યાં સંસદના કોઈ પણ સદનમાં બસપાનું પ્રતિનિધિત્વ શૂન્ય થઈ જશે. લગભગ બે દાયકા સુધી કોંગ્રેસ-ભારતીય જનતા પાર્ટીની રાજનીતિની વચ્ચે એક મજબૂત ત્રીજા વિકલ્પ તરીકે ઊભરેલી બહુજન સમાજ પાર્ટી આજે પોતાના સૌથી કપરા સમયમાંથી પસાર થઈ રહી છે. દલિત અસ્મિતા અને ઉત્તર પ્રદેશના રાજકારણના સહારે રાષ્ટ્રીય ઓળખ બનાવનારી બીએસપી ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં એક પણ સીટ જીતી શકી નહોતી. હવે સ્થિતિ એવી થઈ છે કે પાર્ટી પહેલી વાર સંસદમાંથી સંપૂર્ણપણે બહાર થવાની અણીએ આવી ગઈ છે.

# ચૂંટણી પહેલા મતુઆ વૉટર્સને લઈને બંગાળમાં રાજકારણ ગરમાયુંઃ ૪૫ બેઠકો પર બદલાઈ શકે છે સમીકરણ

## મતુઆ સમુદાયના ઘણા લોકો એવા છે જેઓ ૨૦૦૨ પછી ભારતમાં આવ્યા છે અથવા તેમની પાસે તે સમયના પુરાવા નથી

(સંપૂર્ણ સમાચાર સેવા)કોલકાતા

પશ્ચિમ બંગાળમાં આશરે ૪૫ બેઠકો એવી છે જ્યાં મતુઆ સમુદાયના લોકો જેમને મત આપે તેમની જીત નક્કી માનવામાં આવે છે. આ સમુદાયના મોટાભાગના લોકો વર્ષો પહેલા બાંગ્લાદેશથી શરણાર્થી તરીકે ભારત આવ્યા હતા. અત્યારે વિવાદનું મુખ્ય કારણ ચૂંટણી પંચ દ્વારા કરવામાં આવી રહેલું સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન(SIR) એટલે કે મતદાર યાદીની ખાસ તપાસ છે. આ પ્રક્રિયામાં ૨૦૦૨ની જૂની મતદાર યાદીને આધાર માનવામાં આવી છે. મતુઆ સમુદાયના ઘણા લોકો એવા છે જેઓ ૨૦૦૨ પછી ભારતમાં આવ્યા છે અથવા તેમની પાસે તે સમયના કોઈ પુરાવા નથી. પરિણામે, લાખો લોકોના નામ નવી યાદીમાંથી કપાઈ જવાનો ડર છે, જેના કારણે તેમનો વોટ આપવાનો અધિકાર છીનવાઈ શકે છે. આ જ કારણ છે કે મમતા બેનર્જી અને ભાજપ બંને આ મુદ્દે સામસામે આવી ગયા છે, એક તરફ ઓળખ અને નાગરિકતાનો સવાલ છે, તો બીજી તરફ આ સમુદાયના લાખો મતો પર બંગાળની સત્તાનું ભાવિ ટકેલું છે.

ચૂંટણી પંચે તાજેતરમાં મતદાર યાદીનો ડ્રાફ્ટ જાહેર કર્યો છે, જેમાં ૫૮ લાખથી વધુ નામો હટાવવામાં આવ્યા છે. આને કારણે રાજ્યમાં મતદારોની સંખ્યા ૭.૬૬ કરોડથી ઘટીને ૭.૦૮ કરોડ થઈ ગઈ છે. મતુઆ સમુદાયના ગઢ ગણાતા વિસ્તારો જેવા કે ગાઈઘાટા(૧૪.૫%), હાબરા (૧૩.૬%) અને બાગદા(૧૨.૭%)માં મોટી સંખ્યામાં મતદારો અનમેપ્ડ જણાયા છે. પંચ ૨૦૦૨ની મતદાર યાદીને વેરિફિકેશન માટે ટેમ્પલેટ તરીકે વાપરી રહ્યું છે. જેમના પૂર્વજોના નામ આ યાદીમાં નથી, તેઓએ હવે પોતાની નાગરિકતા સાબિત કરવા માટે ૧૯૫૦ કે ૧૯૭૧ પહેલાના દસ્તાવેજો રજૂ કરવા પડશે, જે આ વિસ્થાપિત સમુદાય માટે અત્યંત મુશ્કેલ છે.

મતુઆ સમુદાય મૂળભૂત રીતે પૂર્વી પાકિસ્તાન(વર્તમાન બાંગ્લાદેશ)થી ધાર્મિક ઉત્પીડનને કારણે ભારત આવેલા નામશૂદ્ર (અનુસૂચિત જાતિ) સમુદાયના લોકો છે. આ સમુદાયની સ્થાપના ૧૯મી સદીમાં હરિચંદ ઠાકુર દ્વારા કરવામાં આવી હતી, જેમણે બ્રાહ્મણવાદ વિરોધી અને જાતિવાદ મુક્ત સમાનતાનો પ્રબળ સંદેશ ફેલાવ્યો હતો. તેમની વિચારધારા સામાજિક ન્યાય અને માનવીય ગરિમા પર આધારિત છે. વસ્તીની દૃષ્ટિએ જોઈએ તો, પશ્ચિમ બંગાળમાં અનુસૂચિત જાતિઓમાં રાજવંશીઓ પછી મતુઆ સમુદાય બીજો સૌથી મોટો અને પ્રભાવશાળી સમુદાય છે.

૨૦ ડિસેમ્બરે પીએમ નરેન્દ્ર મોદીની નદિયા જિલ્લાના રાનાઘાટની મુલાકાત ખૂબ જ મહત્ત્વની હતી. જોકે, ખરાબ હવામાનને કારણે તેમનું હેલિકોપ્ટર ઉતરી શક્યું નહીં અને તેમણે વર્ચ્યુઅલ સંબોધન કર્યું. પરંતુ આ સંબોધનમાં SIRના મુદ્દે તેમની ચુપકીદીએ મતુઆ સમુદાયના એક વર્ગમાં ચિંતા વધારી દીધી છે.

ભાજપ માટે મતુઆ સમુદાય ધાર્મિક રીતે સતાવાયેલા હિન્દુ શરણાર્થીઓ છે, જેમને CAA દ્વારા નાગરિકતા આપવાનો વાયદો કરવામાં આવ્યો છે. બીજી તરફ, TMC સાંસદ મમતા બાલા ઠાકુરનો દાવો છે કે CAAની જટિલ પ્રક્રિયાને કારણે ૯૫% મતુઆઓ પાસે જરૂરી દસ્તાવેજો જ નથી. TMC આ સમુદાયને બિનશરતી નાગરિકતા આપવાની માંગ કરી રહી છે.

# બાંગ્લાદેશમાં વધુ એક હિન્દુ યુવકની હત્યા કરવામાં આવી

(સંપૂર્ણ સમાચાર સેવા)ઢાકા

બાંગ્લાદેશમાં હિંસા સતત ચાલુ છે. દેશમાં વધુ એક હિન્દુ વ્યક્તિની હત્યા કરવામાં આવી છે. ટોળાએ વધુ એક હિન્દુ યુવકને માર મારીને હત્યા કરી છે, પરંતુ પોલીસનું કહેવું છે કે આ હુમલો ખંડણી સાથે જોડાયેલો છે. બાંગ્લાદેશના રાજબારી જિલ્લાના પાંશામાં મોડી રાત્રે ગામલોકોના એક જૂથે ખંડણીના આરોપસર એક હિન્દુ વ્યક્તિને માર મારીને હત્યા કરી દીધી. પોલીસ અધિકારીઓએ જણાવ્યું હતું કે આ ઘટના રાત્રે ૧૧ વાગ્યાની આસપાસ બની હતી. બાંગ્લાદેશ પોલીસના જણાવ્યા અનુસાર, મૃતકનું નામ અમૃત મંડલ ઉર્ફે સમ્રાટ છે, જેના પર ખંડણી અને ધાકધમકી આપવાના અનેક કેસ છે. પોલીસનું કહેવું છે કે અમૃત "સમ્રાટ બહિની"નો લીડર હતો. અમૃત મંડલ ઉર્ફે સમ્રાટ (૩૦) હુસેનડાંગાના અક્ષય મંડલનો પુત્ર છે. પોલીસે સમ્રાટના સહયોગી મોહમ્મદ સલીમની ધરપકડ કરી છે અને પિસ્તોલ સહિત હથિયારો જપ્ત કર્યા છે. મીડિયા રિપોર્ટ અનુસાર, પંગશા સર્કલના સહાયક પોલીસ અધિક્ષક દેબ્રત સરકારે જણાવ્યું હતું કે સ્થાનિક લોકો પાસેથી માહિતી મળ્યા બાદ પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી કે એક વ્યક્તિ પર હુમલો થયો છે. પીડિતની ઓળખ અમૃત મંડલ તરીકે થઈ હતી, જેને સમ્રાટ તરીકે પણ ઓળખવામાં આવે છે. પોલીસે તેને ગંભીર હાલતમાં શોધી કાઢ્યો હતો અને તેને સારવાર માટે હોસ્પિટલમાં લઈ ગયો હતો, જ્યાં તેને મૃત જાહેર કરવામાં આવ્યો હતો.




# તંત્રી લેખ......

## કોંગ્રેસ મૂળભૂત પરિવર્તન ટાળે છે

તાજેતરના બે ફોટાની વ્યાપક ચર્ચા થઈ છે. એકમાં, કોંગ્રેસના સાંસદ પ્રિયંકા ગાંધી વાડ્રા વડા પ્રધાન નરેન્દ્ર મોદી, સંરક્ષણ પ્રધાન રાજનાથ સિંહ, લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલા અને શાસક અને વિપક્ષી પક્ષોના અન્ય ઘણા નેતાઓ સાથે હસતા અને ચા પીતા જોવા મળે છે. એક દિવસ પહેલા પ્રકાશિત થયેલા બીજા ફોટામાં પ્રિયંકા રોડ ટ્રાન્સપોર્ટ મંત્રી નીતિન ગડકરી સાથે હિમાચલ પ્રદેશના રસ્તાઓ અને કેરળમાં તેમની પ્રાથમિકતાઓ વિશે ચર્ચા કરતી જોવા મળે છે. સંસદીય પરંપરામાં આ સામાન્ય ઘટનાઓ છે, પરંતુ તેમનો સંદેશ ગુંજતો રહે છે. જો વિપક્ષ પાસે સત્તા હોય તો તે સલાહ આપી શકે છે અને દબાણ લાવી શકે છે, પરંતુ તે સરકારને ઉથલાવી શકતી નથી, જેનો મુખ્ય વિપક્ષ પ્રયાસ કરી રહ્યો છે, ખાસ કરીને ૨૦૨૦ ની સામાન્ય ચૂંટણીથી.

ભાગ્યે જ કોઈ નકારશે કે ચોક્કસ સમયે, નેતૃત્વ નિર્ણાયક બની જાય છે. તે પક્ષની દિશા નક્કી કરે છે, તેની વિશ્વસનીયતા અને અવિશ્વસનીયતા તેને વ્યાખ્યાયિત કરે છે. તે પક્ષ છે જે જીતે છે અને હારે છે, અને તેનું ભવિષ્ય નક્કી કરે છે. ૨૦૨૫નું વર્ષ વારંવાર આ પ્રશ્નનો જવાબ આપતું હોય તેવું લાગતું હતું. આ વર્ષે બે મહત્વપૂર્ણ ચૂંટણીઓ જોવા મળી: એક રાષ્ટ્રીય રાજધાની દિલ્હીમાં અને બીજી બિહારમાં, જે હંમેશા રાજકીય ક્ષેત્ર રહ્યું છે. ૨૦૨૪ ની લોકસભા ચૂંટણી પછી, રાહુલ ગાંધી માત્ર વિપક્ષના નેતા જ બન્યા નહીં, પરંતુ પક્ષમાં એક પ્રભાવશાળી નેતા તરીકે પણ પોતાને સ્થાપિત કર્યા. આ બે રાજ્યોમાં ચૂંટણીઓ પછી, ફરી એકવાર સ્પષ્ટ થઈ ગયું કે પોતાને ઉન્નત કરવાની તેમની ક્ષમતામાં કંઈક અંશે અભાવ છે. તેઓ પોતાને કોંગ્રેસના નેતાથી વિપક્ષના નેતા સુધી ઉન્નત કરી શક્યા નહીં. કારણ વાતચીતનો અભાવ, જીદ અને ઘમંડ છે. રાહુલ વિપક્ષી નેતાઓ સાથે સંબંધ સ્થાપિત કરવામાં નિષ્ફળ રહ્યા છે. તેમને સરકાર સાથે વાતચીત કરવામાં મુશ્કેલી પડે છે. સંસદમાં પણ તેઓ કડક વર્તન દર્શાવે છે. પાર્ટીના નેતાઓ દ્વારા સોનિયા ગાંધીને વારંવાર લખાયેલા પત્રો પરથી પાર્ટીમાં વાતચીતની સ્થિતિ સ્પષ્ટ થાય છે. આવી સ્થિતિમાં, પ્રિયંકાના ફોટાએ ચર્ચા જગાવી છે તે અસામાન્ય નથી. બીજી બાજુ, ભાજપના નેતા વડા પ્રધાન મોદી છે, જે દરેક સાથે વાતચીત કરવામાં માહિર છે. વિપક્ષી નેતાઓ સાથે તેમનો મુક્ત સંવાદ જોઈ શકાય છે. તેઓ જનતા સાથે પડઘો પાડતા મુદ્દાઓને સંબોધે છે. તેઓ ચૂંટણી દરમિયાન પક્ષ સાથે ઉભા રહે છે અને પોતાની જવાબદારી પોતાના પર લે છે. ચોક્કસપણે, કોંગ્રેસ તેમના દ્વારા રજૂ કરાયેલા ઈતિહાસના થોડા પાનાઓથી પરેશાન છે, પરંતુ વડા પ્રધાન તરીકે, તેમની પાસે યુવાનોને ઈતિહાસ યાદ કરાવવાની જવાબદારી પણ છે. સકારાત્મક વિચારસરણી માટે અપીલ. જ્યારે સંસદનું શિયાળુ સત્ર શરૂ થયું, ત્યારે એવું લાગતું હતું કે કોંગ્રેસ સમય અને લોકોની અપેક્ષાઓ સાથે અનુકૂલન સાધવા લાગી છે. લાંબા સમય પછી, બે દિવસના હોબાળા પછી, વિપક્ષ પણ ચર્ચા કરવા અને કાર્યવાહીને સુવ્યવસ્થિત કરવા સંમત થયો. આ એક સુખદ લાગણી હતી, પરંતુ કોઈ માનસિક પરિવર્તન નહોતું. જ્યારે ચૂંટણી સુધારાઓની ચર્ચા થઈ રહી હતી, ત્યારે અર્થપૂર્ણ સૂચનો કરવા જોઈતા હતા. તેના બદલે, ચૂંટણી પંચની સત્તા માટેની માંગણીઓ પૂર્ણ કરવામાં આવી હતી. બંધારણ અને સુપ્રીમ કોર્ટે પણ જણાવ્યું છે કે SIR કરાવવું એ ચૂંટણી પંચનો અધિકાર છે, પરંતુ વિપક્ષ ઈચ્છે છે કે આને અટકાવાય. ઉઠાવવામાં આવેલા પ્રશ્નોમાં ચૂંટણી કમિશનરની નિમણૂક માટે સમિતિનો મુદ્દો પણ હતો. સુપ્રીમ કોર્ટના નિર્દેશને અનુસરીને, સરકારે નિયમો સ્થાપિત કર્યા, જે સરકારનો અધિકાર છે. સરકારના અધિકારને નકારવાનો અર્થ શું છે? યુવાનોને તર્ક આપવાની જરૂર છે, અને ઈતિહાસના ઉદાહરણો ટાંકવાની જરૂર છે. ત્યારે જ તેઓ જોડાશે. યુવાનોને સમજાયું કે ભૂતકાળમાં, વિપક્ષી નેતાઓ પણ સમિતિમાં નહોતા. હવે મોદી સરકારે લોકસભામાં વિરોધ પક્ષના નેતાનો સમાવેશ કર્યો છે. આ નિયમ કોઈપણ સરકારને લાગુ પડે છે. આવી સ્થિતિમાં, રાહુલ ગાંધીને તેમની છબી સુધારવાની જરૂર હતી. તેમણે રાજકારણમાં ગુનાહિતકરણ અટકાવવા વિશે વાત કરવી જોઈતી હતી અને એક જ મતવિસ્તારમાંથી ચૂંટણી લડવાની મંજૂરી આપતો કાયદો બનાવવાનું સૂચન કર્યું હતું. ચૂંટણી પંચે હવે SIR ને પડકાર ફેંક્યો છે, અને કહ્યું છે કે SIR પછી કેટલાક રાજ્યોએ ડ્રાફ્ટ મતદાર યાદીઓ બહાર પાડી છે. કૃપા કરીને તેમની સમીક્ષા કરો અને જો તમને કોઈ વાંધો હોય તો અમને જણાવો.

---

સાંસદ ખેલ મહોત્સવમાં ૧.૭૮ લાખ ખેલાડીઓએ રજીસ્ટ્રેશન કર્યું : ૧૨ જેટલી વિવિધ રમતોની સ્પર્ધાઓ યોજાઈ: ૫૦૦ કરતાં વધુ દિવ્યાંગોએ વિવિધ રમતોમાં ભાગ લીધો

# ભાવનગર ખાતે કેન્દ્રીય રાજયમંત્રી શ્રીમતી નિમુબેન બાંભણીયાની ઉપસ્થિતિમાં સાંસદ ખેલ મહોત્સવ-૨૦૨૫ નો સમાપન સમારોહ યોજાયો

### કેન્દ્રિય રાજયમંત્રી શ્રીમતી નિમુબેન બાંભણીયા, રાજયસભાના સાંસદ શ્રી રામભાઈ મોકરીયાના હસ્તે વિજેતા ખેલાડીઓને ટ્રોફી તેમજ પ્રમાણપત્ર આપી સન્માનિત કરાયાં





માહિતી બ્યુરો,ભાવનગર

ભાવનગર ખાતે કેન્દ્રીય રાજયમંત્રી શ્રીમતી નિમુબેન બાંભણીયાની ઉપસ્થિતિમાં સાંસદ ખેલ મહોત્સવ-૨૦૨૫નો સમાપન સમારોહ યોજાયો હતો. ભાવનગરના સિદસર સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ ખાતે યોજાયેલા આ સમારોહમાં રાજ્યસભા સાંસદ શ્રી રામભાઈ મોકરીયા ઉપસ્થિત રહ્યાં હતા. સાંસદ ખેલ મહોત્સવ? સમાપન પ્રસંગે કેન્દ્રિય રાજયમંત્રી શ્રીમતી નિમુબેન બાંભણીયાએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના દૂરંદેશી વિઝન અને કેન્દ્રીય રમતગમત મંત્રી શ્રી મનસુખભાઈ માંડવીયાના નેતૃત્વમાં યુવા પ્રતિભાને ખીલવા અને ખેલવાનો અવકાશ મળ્યો છે, એટલું જ નહીં ખેલો ઈન્ડિયા? જેવી સ્કીમ દ્વારા સ્પોર્ટ્સ ક્ષેત્રે ક્રાંતિ પણ આવી છે. દેશભરમાં ૧ હજારથી વધુ ખેલો ઈન્ડિયા? સેન્ટર નિર્માણ પામ્યા છે. આ સેન્ટરનાં માધ્યમથી ખેલાડીઓને નેશનલ અને ઈન્ટરનેશનલ લેવલે પોતાની પ્રતિભા દેખાડવાનો મોકો મળ્યો છે. રમતવીરો રમતક્ષેત્રે આગળ વધે, દેશનું નામ રોશન કરે તે માટે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની સરકાર હંમેશા એમની સાથે ઉભી છે. સરકારશ્રી દ્વારા ખેલાડીઓને આધુનિક સ્ટેડિયમ, સ્પોર્ટ્સ એકેડેમી જેવી અદ્યતન પ્રકારની સુવિધાઓ પૂરી પાડવામાં આવી રહી છે. સાંસદ ખેલ મહોત્સવમાં દરેક વયના ખેલાડીઓને રમવાની તક મળી રહી છે.

તેમણે કહ્યું કે, રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીના નેતૃત્વમાં ગુજરાત સ્પોર્ટ્સ ક્ષેત્રે વધુ મજબૂત બની રહ્યું છે. ખેલ મહાકુંભનું દર વર્ષે આયોજન થઈ રહ્યું છે, ત્યારે ખેલ મહાકુંભમાં ગ્રાસ રૂટથી લઈને ટોપ લેવલના દરેક ખેલાડીઓ, દિવ્યાંગોને પોતાની પ્રતિભા દેખાડવાની તક સાંપડી રહી છે. વર્ષ ૨૦૩૦માં ભારત કોમનવેલ્થ ગેમ્સનું યજમાન બનવા જઈ રહ્યું છે, કોમનવેલ્થ અમદાવાદનાં આંગણે રમાશે એ આપણાં સૌના માટે ગૌરવની વાત છે. ૨૦૩૬ની ઓલમ્પિકની ગેમ્સ હોસ્ટિંગ માટે ભારત કામ કરી રહ્યું છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી ખેલાડીઓ સાથે સીધો સંવાદ કરી, તેમની સિદ્ધિઓની પ્રશંસા કરી તેમને પ્રોત્સાહિત પણ કરી રહ્યાં હોવાનું તેમણે જણાવ્યું હતુ.

આ પ્રસંગે રાજ્યસભા સાંસદ શ્રી રામભાઈ મોકરીયાએ જણાવ્યું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના છેલ્લા ૧૧ વર્ષના શાસનમાં ભારતે અનેક સિધ્ધિઓ હાંસલ કરી છે, ભાવનગર-બોટાદ જિલ્લાએ સાંસદ ખેલ મહોત્સવમાં ઐતિહાસિક કહી શકાય તેવું રજીસ્ટ્રેશન કરીને રમતમાં સહભાગી બન્યાં છે. આ મહોત્સવમાં દિવ્યાંગ ખેલાડીઓએ પણ ઉત્સાહભેર ભાગ લીધો હતો, આમ વિવિધ રમતોમાં સહભાગી બનવા બદલ તેમણે દરેક ખેલાડીઓને અભિનંદન પાઠવ્યા હતા.

આ વેળાએ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વર્ચ્યુઅલી જોડાઈને વાર્તાલાપ કરી ખેલાડીઓને પ્રોત્સાહિત કર્યા હતા. કેન્દ્રિય રમતગમત મંત્રી શ્રી મનસુખભાઈ માંડવીયાએ પ્રાસંગિક ઉદબોધન કરી ખેલાડીઓને પ્રોત્સાહિત કર્યા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે, ૨૨ સ્થળો ઉપર તાલુકા અને ઝોન કક્ષાની સ્પર્ધાઓ યોજવામાં આવી હતી. જેમાં કબડ્ડી, વોલીબોલ, રસ્સાખેંચ, ખો ખો, એથ્લેટિક્સ (૧૦૦ મી.દોડ, ગોળા ફેંક, લાંબીકૂદ), નારગેલ, લીંબુ ચમચી, સ્લો સાયકલિંગ, સંગીત ખુરશી (બહેનો), કોથળા દોડ, સિક્કા શોધ અને બાસ્કેટબોલ સહિત ૧૨ રમતો રમાડવામાં આવી હતી. જેમાં ૧૪ વર્ષથી નીચેના, ૧૫ થી ૨૦ વર્ષ સુધીના, ૨૧ થી ૩૫ વર્ષ સુધીના, ૩૬ થી ૫૦ વર્ષ સુધીના તેમજ ૫૧ વર્ષથી ઉપર વય જૂથના ખેલાડી ભાઈઓ-બહેનો ભાગ લીધો હતો. આ રમત પાંચ વય જુથમાં યોજવામાં આવી હતી. સાસદ ખેલ મહોત્સવમા ૫૦૦ થી વધુ દિવ્યાંગ ખેલાડીઓએ વિવિધ રમતોમાં ભાગ લીધો હતો.

સાંસદ ખેલ મહોત્સવના સમાપન સમારોહમાં ધારાસભ્ય શ્રી ગૌતમભાઈ ચૌહાણ અને શ્રીમતી સેજલબેન પંડ્યા, ભાવનગર મેયર શ્રી ભરતભાઈ બારડ, જિલ્લા પંચાયત પ્રમુખશ્રી રૈયાબેન મીયાણી, કમિશનર શ્રી ડૉ.એન.કે.મીણા, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન શ્રી રાજુભાઈ રાબડીયા, પૂર્વ મંત્રીશ્રી વિભાવરીબેન દવે, જિલ્લા શિક્ષણાધિકારી શ્રી હિતેન્દ્રસિંહ પઢેરીયા, આગેવાન શ્રી કુમાર શાહ, શ્રી દિગ્વિજયસિંહ ગોહિલ, શ્રી મયુરભાઈ પટેલ, શ્રી દિવ્યેશભાઈ સોલંકી, શ્રી ભરતભાઈ મેર, શ્રી રાજુભાઈ ફાળકી, જિલ્લા રમતગમત અધિકારી શ્રી નરેશભાઈ ગોહિલ, જિલ્લા રમત વિકાસ અધિકારી શ્રી સુનિલભાઈ ચૌધરી, ભાવનગર શહેરના નગરસેવકો, જિલ્લાના પદાધિકારીઓ- અધિકારીઓ સહિત મોટી સંખ્યામાં રમતવીરો, રમતપ્રેમીઓ ઉપસ્થિત રહ્યાં હતા.

---

સુશાસન દિવસ ઉજવણી : ગાંધીનગર

# મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલના હસ્તે ગુજરાત સરકાર દ્વારા ઈન્ટિગ્રેટેડ રિન્યુએબલ એનર્જી પોલિસી–૨૦૨૫નું લોન્ચીંગ

ગુડ ગવર્નન્સના પ્રણેતા અને પૂર્વ પ્રધાનમંત્રી સ્વ.શ્રી અટલ બિહારી વાજપેયીજીની જન્મ જયંતી ૨૫ ડિસેમ્બરને પ્રતિવર્ષ સુશાસન દિવસ તરીકે દેશભરમાં ઉજવવામાં આવે છે.

આજે ગાંધીનગર ખાતે મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના અધ્યક્ષે યોજાયેલ રાજયકક્ષાના સમારોહમાં મુખ્ય મંત્રીશ્રી ના હસ્તે ગુજરાત સરકાર દ્વારા ઈન્ટિ ગ્રેટેડ રિન્યુએબલ એનર્જી પોલિસી–૨૦૨૫નું લોન્ચીંગ કરાયું હતું.

મુખ્ય મંત્રીશ્રીના માર્ગદર્શન હેઠળ અને ઊર્જા મંત્રીશ્રી ઋષિકેશ પટેલ તથા રાજ્ય મંત્રીશ્રી કૌશિક વેકરીયાના નેતૃત્વમાં, ક્લાઈમેટ ચેન્જના પડકારોને પહોંચી વળવા અને સ્વચ્છ તથા ટકાઉ ઊર્જા પ્રણાલીઓ તરફ ઝડપી પરિવર્તન સુનિશ્ચિત કરવા માટે ગુજરાત ઈન્ટિગ્રેટેડ રિન્યુએબલ એનર્જી પોલિસી–૨૦૨૫ ઉર્જા વિભાગ દ્વારા તૈયાર કરવામાં આવી છે.

ભારતના પંચામૃત સંકલ્પો, Nationally Determined Contributions (NDCs) તથા વિકસિત ગુજરાત @ ૨૦૪૭ની દૃષ્ટિ સાથે સુસંગત આ પોલિસી, રાજ્યમાં રિન્યુએબલ એનર્જી ક્ષેત્રે રોકાણ, નવીનતા અને ગ્રીડ સ્થિરતાને પ્રોત્સાહન આપીને ગુજરાતને વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મક ક્લીન એનર્જી હબ તરીકે સ્થાપિત કરવાની દિશામાં મહત્વપૂર્ણ પગલું છે.

રાજ્યની રિન્યુએબલ એનર્જી ક્ષેત્રે નેતૃત્વની પરંપરાને આગળ વધારતાં અને વર્ષ ૨૦૩૦ સુધીમાં ૧૦૦ ગીગાવોટથી વધુ ક્ષમતા હાંસલ કરવાનો લક્ષ્યાંક રાખી, ભારતના વર્ષ ૨૦૩૦ સુધીમાં ૫૦૦ ગીગાવોટ નોન-ફોસિલ ઈંધણ આધારિત ઊર્જા ક્ષમતાના લક્ષ્યાંકમાં મહત્વપૂર્ણ યોગદાન આપવા માટે ગુજરાત ઈન્ટિગ્રેટેડ રિન્યુએબલ એનર્જી પોલિસી–૨૦૨૫ જાહેર કરવામાં આવી રહી છે. આ પોલિસી સરળ અને એકીકૃત ફ્રેમવર્ક દ્વારા Ease of Doing Business ને સુગમ બનાવવાનો, નવીન અને ઈમર્જિંગ ટેકનોલોજીઓને પ્રોત્સાહન આપવાનો, ગ્રીડની સ્થિરતા વધારવાનો, ગ્રીન ઉર્જા ક્ષેત્રે રોજગારી સર્જવાનો અને ઊર્જા સુરક્ષા, વ્યાજબી દરો તથા ટકાઉ આર્થિક વિકાસ સુનિશ્ચિત કરતાં ગુજરાતને વૈશ્વિક સ્તરે સ્પર્ધાત્મક રિન્યુએબલ એનર્જી હબ તરીકે સ્થાપિત કરવાનો ઉદ્દેશ ધરાવે છે.

આ પોલિસીનો મુખ્ય આધારસ્તંભ મોટા પાયે રિન્યુએબલ એનર્જી એકીકરણ અને ગ્રીડ સ્થિરતા સુનિશ્ચિત કરવા માટે બેટરી એનર્જી સ્ટોરેજ સિસ્ટમ્સ (BESS) ને પ્રોત્સાહન અને એકીકરણ છે. સોલાર, વિન્ડ અને હાઈબ્રિડ પ્રોજેક્ટ્સ સાથે ગ્રીડ-કનેક્ટેડ તથા કો-લોકેટેડ BESS પ્રોજેક્ટ્સને પ્રોત્સાહન આપવામાં આવ્યું છે. ટ્રાન્સમિશન સપોર્ટ, ગ્રીડ સહાયક સેવાઓ, ડિસ્ટ્રિબ્યુશન યુટિલિટીઝ અને અંતિમ ઉપભોક્તાઓ માટે BESS નો ઉપયોગનું આયોજન વિચારવામાં આવ્યુ છે. BESS સ્થાપન માટેના વ્યૂહાત્મક સ્થળો સ્ટેટ નોડલ એજન્સી (GEDA) દ્વારા GETCO, SLDC અને DISCOMs સાથે સંકલન કરીને નક્કી કરવામાં આવશે.

RE પોલિસી-૨૦૨૫ હેઠળ રિન્યુએબલ એનર્જી પ્રોજેક્ટ્સ માટે, મુખ્યત્વે કેપ્ટિવ અને થર્ડ પાર્ટી વેચાણના પ્રોજેક્ટ્સ માટે, કમિશનિંગ સમયમર્યાદામાં સુધારાઓ માટે અનુકુળતા આપવામાં આવી છે. ઈવેક્યુએશન ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટેની કમિશનિંગ સમયમર્યાદાઓ પ્રોજેક્ટ ક્ષમતાની જગ્યાએ વોલ્ટેજ લેવલના આધારે સુસંગત બનાવવામાં આવી છે. પ્રોજેક્ટ તથા ઈવેક્યુએશન લાઈનના કમિશનિંગ માટે વધારાનો સમય મંજૂર કરવામાં આવ્યો છે, જેના કારણે પ્રોજેક્ટ અમલીકરણ વધુ સુગમ થશે.

RE પોલિસી-૨૦૨૫ વિન્ડ રીપાવરિંગ અને રીફર્બિશમેન્ટ માટે નેશનલ રીપાવરિંગ પોલિસી સાથે સુસંગત રીતે સહાયક ફ્રેમવર્ક સ્થાપિત કરે છે. હાલના વિન્ડ ટર્બાઈન જનરેટર્સને ફરજિયાતપણે ડિસમૅન્ટલ કર્યા વિના રીપાવરિંગ અને રીફર્બિશમેન્ટની મંજૂરી આપવામાં આવી છે, તેમજ તેના માટે સમયમર્યાદા ૨૪ મહિના સુધી લંબાવવામાં આવી છે. સહાયક પગલાંમાં રીપાવરિંગ સમયગાળા દરમિયાન હાલના PPAની અવધિમાં વિસ્તરણ, ટ્રાન્ઝિશન દરમિયાન વણવપરાયેલ ટ્રાન્સમિશન ક્ષમતા પર ટ્રાન્સમિશન ચાર્જીસમાં છૂટ, રિન્યુએબલ એનર્જી કનેક્ટિવિટી ક્ષમતા વધારા માટે પ્રાથમિકતા અને માઈક્રો-સાયટિંગ નિયમોમાં રાહત સામેલ છે.

RE પોલિસી-૨૦૨૫ ઑન-ડિમાન્ડ રિન્યુએબલ એનર્જી કનેક્ટિવિટીની સુવિધા અક્ષય-ઉર્જા-સેતુ પોર્ટલ મારફતે સક્ષમ બનાવે છે તથા રિન્યુએબલ ઉર્જાની સમૃદ્ધતા ધરાવતા વિસ્તારોમાં નવા ટ્રાન્સમિશન યોજનાઓના વિકાસને ટેકો આપે છે. અગાઉની રિન્યુએબલ એનર્જી પોલિસીઓ હેઠળના પ્રોજેક્ટ્સ માટે માલિકી હસ્તાંતરણની મંજૂરી અને અગાઉની પોલીસી હેઠળ પૂર્વમંજૂર પ્રોજેક્ટ્સને પૂર્ણ કરવા માટેના સમયગાળાનું વિસ્તરણ જેવી જોગવાઈઓ દ્વારા સદર પોલિસી થકી સાતત્ય સુનિશ્ચિત કરવામાં આવેલ છે.

મહત્વપૂર્ણ રીતે, RE પોલિસી-૨૦૨૫ ઉભરી રહેલ નવીનતમ રિન્યુએબલ એનર્જી ટેકનોલોજીઓને સક્રિય પ્રોત્સાહન થકી ગુજરાતના સ્વચ્છ ઊર્જા પોર્ટફોલિયોને વૈવિધ્ય પૂર્ણ બનાવવા માટે અને ઈનોવેશનને વેગ મળે તે માટે પ્રોત્સાહન આપે છે. જેમાં ઓશન એનર્જી, જિયોથર્મલ એનર્જી, કન્સન્ટ્રેટેડ સોલાર થર્મલ (CST), બિલ્ડિંગ-ઈન્ટિગ્રેટેડ ફોટોવોલ્ટેઈક (BIPV) સિસ્ટમ્સ, રેલ તથા રોડ-ઈન્ટિગ્રેટેડ ફોટોવોલ્ટેઈક (RIPV) એપ્લિકેશન્સ, એગ્રીવોલ્ટેઈક્સ અને વર્ટિકલ-ઍક્સિસ વિન્ડ ટર્બાઈન્સનો સમાવેશ થાય છે, જેને પાયલોટ પ્રોજેક્ટ્સ દ્વારા આધાર આપવામાં આવશે. આ ઉપરાંત, પોલિસી રૂફટોપ તથા ડિસ્ટ્રિબ્યુટેડ રિન્યુએબલ એનર્જીને મજબૂત બનાવે છે, ખાનગી ક્ષેત્રની ભાગીદારી અને સ્ટાર્ટ-અપ્સને પ્રોત્સાહન આપે છે અને ગ્રીન ઉર્જા ક્ષેત્રે રોજગારી તથા સ્કિલ ડેવલપમેન્ટની પહેલોને એકીકૃત કરે છે. જે સંયોજિત રીતે ગુજરાતને એક સ્થિર, ઈન્વેસ્ટર ફ્રેન્ડલી અને ભવિષ્ય માટે તૈયાર રિન્યુએબલ એનર્જી ઈકોસિસ્ટમ તરફના પરિવર્તનને વધુ મજબુત બનાવશે.

---

પેન્ટાગનના રિપોર્ટ પર ભડક્યું ડ્રેગન

# ભારત-ચીનની વચ્ચે વિવાદ કરાવવા અમેરિકાનું કાવતરું?

### આ રિપોર્ટ પર ચીને આકરી પ્રતિક્રિયા આપતા તેને ભારત-ચીન વચ્ચે વિખવાદ ઊભો કરવાનું અમેરિકી કાવતરું ગણાવ્યું છે

(સંપૂર્ણ સમાચાર સેવા)બેઈજીંગ

ભારત અને ચીન વચ્ચે વાસ્તવિક નિયંત્રણ રેખા (LAC) પર ઘટી રહેલા તણાવ અને સુધરી રહેલા સંબંધો વચ્ચે અમેરિકાના એક રિપોર્ટે નવો વિવાદ છેડ્યો છે. અમેરિકી સંરક્ષણ મંત્રાલય પેન્ટાગોનના ૨૦૨૫ના વાર્ષિક અહેવાલમાં દાવો કરવામાં આવ્યો છે કે ચીન ભારત સાથે સંબંધો સુધારવાનો ‘ઢોંગ’ કરી રહ્યું છે જેથી ભારત અને અમેરિકાની નિકટતા અટકાવી શકાય. આ રિપોર્ટ પર ચીને આકરી પ્રતિક્રિયા આપતા તેને ભારત-ચીન વચ્ચે વિખવાદ ઊભો કરવાનું અમેરિકી કાવતરું ગણાવ્યું છે.

અમેરિકાના ડિપાર્ટમેન્ટ ઑફ ડિફેન્સ(પેન્ટાગોન)ના વાર્ષિક રિપોર્ટમાં ચીનની વ્યૂહરચના પર ગંભીર સવાલો ઉઠાવવામાં આવ્યા છે, આ રિપોર્ટ અનુસાર, ચીન ભારત-અમેરિકા વ્યૂહાત્મક ભાગીદારીને મજબૂત થતી રોકવા માટે ન્છઝ પર તણાવ ઓછો કરવાનો લાભ લઈ રહ્યું છે. એકતરફ ચીન ભારત સાથે શાંતિની વાત કરે છે, તો બીજી તરફ પાકિસ્તાન સાથે લશ્કરી સહયોગ વધારી રહ્યું છે.

આ ઉપરાંત ચીન હજુ પણ અરુણાચલ પ્રદેશને તેના કોર ઈન્ટરેસ્ટ(મુખ્ય હિત)ના ભાગ તરીકે જુએ છે.ચીનના વિદેશ મંત્રાલયના પ્રવક્તા લિન જિયાનએ એક પ્રેસ કોન્ફરન્સમાં અમેરિકાને ખખડાવતાં જણાવ્યું હતુ કે, ચીન તેની સંરક્ષણ નીતિ પર પેન્ટાગોનની ટિપ્પણીઓનો સખત વિરોધ કરે છે. ભારત અને ચીન વચ્ચેનો સરહદ વિવાદ એ દ્વિપક્ષીય મામલો છે. અમે આ મુદ્દે કોઈપણ ત્રીજા દેશના હસ્તક્ષેપ કે ટિપ્પણીનો વિરોધ કરીએ છીએ.

ચીન ભારત સાથેના સંબંધોને લાંબા ગાળાના અને વ્યૂહાત્મક દૃષ્ટિકોણથી જુએ છે. બેઈજિંગ ભારત સાથે પરસ્પર વિશ્વાસ વધારવા અને સંબંધોને ફરી પાટા પર લાવવા માટે કટિબદ્ધ છે. ચીને આક્ષેપ કર્યો છે કે અમેરિકા એશિયામાં પોતાનું વર્ચસ્વ જાળવી રાખવા માટે પડોશી દેશો વચ્ચે ખાઈ ઊભી કરવાનું કામ કરી રહ્યું છે. ભારત માટે આ રિપોર્ટ સતર્ક રહેવાનો સંકેત છે. ભલે ઑક્ટોબર ૨૦૨૪થી સરહદ પર ડિસએન્ગેજમેન્ટ (સેના પાછળ હટાવવી) પ્રક્રિયા શરુ થઈ હોય, પરંતુ અમેરિકાની આ ચેતવણી સૂચવે છે કે ચીનનો ઈરાદો માત્ર ‘વ્યૂહાત્મક શાંતિ’ પૂરતો હોઈ શકે છે. ભારત હાલમાં બંને મહાસત્તાઓ સાથે સંતુલન જાળવીને આગળ વધી રહ્યું છે.

---

# ઉન્નાવ દુષ્કર્મ પીડિતાએ ભીની આંખે આપવીતી વર્ણવી: પોલીસે મને બળજબરીથી વાહનમાં બેસાડી, ખેંચી અને ધક્કો માર્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)લખનૌ

ઉત્તર પ્રદેશમાં ઉન્નાવ દુષ્કર્મ કેસ, જેણે આખા દેશને હચમચાવી નાખ્યો હતો, તે ફરી એકવાર સમાચારમાં છે. આ વખતે કારણ દિલ્હી હાઈકોર્ટનો તાજેતરનો આદેશ છે, જેમાં આરોપી પૂર્વ ભાજપ ધારાસભ્ય કુલદીપ સિંહ સેંગરને જામીન આપવામાં આવ્યા હતા. આનાથી પીડિતાના જૂના ઘા ફરી તાજા થયા છે. આ આદેશ બાદ, પીડિતાએ પોતાની દુર્દશા વિશે વાત કરી. તેણે આરોપ લગાવ્યો કે ઈન્ડિયા ગેટ વિરોધ દરમિયાન, પોલીસે મને બળજબરીથી વાહનમાં બેસાડી, ખેંચી અને ધક્કો માર્યો. મારા આખા શરીરમાં લગભગ ૨૫૦ ટાંકા છે, અને મારા હાથ અને પગમાં સળિયા નાખવામાં આવ્યા છે. છતાં, પોલીસે મને ખેંચી જેનાથી મને ખૂબ દુખાવો થયો."

દિલ્હી હાઈકોર્ટના નિર્ણય પર પ્રતિક્રિયા આપતા પીડિતાએ કહ્યું કે, હું હાઈકોર્ટ ગઈ. ચુકાદો સાંભળતી વખતે મેં વિરોધ કરવાનો પ્રયાસ કર્યો, પણ મારું કોણ સાંભળે? આખી ચર્ચા અંગ્રેજીમાં થઈ. જો ચર્ચા હિન્દીમાં હોત, તો કદાચ હું પૂછી શકી હોત કે મારી સાથે આવું કેમ થઈ રહ્યું છે. હવે મને સમજાયું કે સામાન્ય લોકો, ખાસ કરીને ગરીબ અને પીડિત મહિલાઓ માટે ન્યાય કેટલો જટિલ બની ગયો છે. ચુકાદા પછી હું સંપૂર્ણપણે ભાંગી પડી હતી. હું એટલી દુઃખી હતી કે મને આપઘાત કરવાનું મન થયું. પણ પછી મેં મારા બાળકો તરફ જોયું અને મારા પરિવાર વિશે વિચાર્યું. મૃત્યુ ન્યાય નહીં આપે, જો ભગવાને મને જીવતી રાખી છે, તો કદાચ સંઘર્ષ માટે રાખી છે. મારો સીધો સવાલ છે કે, જો આવા જઘન્ય ગુનાના આરોપીને જામીન મળી શકે તો પીડિત અને સાક્ષીઓ કેવી રીતે સુરક્ષિત રહેશે?

---

# મધ્યપ્રદેશની દુર્લભ ઘટના: ૨૮ વર્ષીય મહિલાએ એક સાથે ૪ બાળકને જન્મ આપ્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)ભોપાલ

એક અત્યંત દુર્લભ તબીબી ઘટનામાં મધ્ય પ્રદેશના છિંદવાડા જિલ્લાના જુન્નરદેવ ગામની ૨૮ વર્ષીય મહિલાએ તાજેતરમાં એક સાથે ચાર બાળકોને જન્મ આપ્યો હતો. જો કે પ્રસવના તુરંત બાદ ચારેય નવજાતના મોત થતા સાત લાખ પ્રસવમાંથી એકમાં બનતી આ અતિશય અસામાન્ય બાબતનો દુઃખદ અંત આવ્યો હતો. આ કેસ જોડિયા બાળકોના જન્મ સાથે સંકળાયેલી પ્રસવ સાથે સંકળાયેલા જોખમો પ્રત્યે લોકોનું તેમજ મેડિકલ નિષ્ણાંતોનું ધ્યાન ખેંચ્યું છે, ખાસ કરીને મર્યાદિત સ્રોત અને સંસાધનો હોય તેવા વિસ્તારમાં બાળકો તેમજ માતાના જીવ બચાવવાનું કાર્ય મુશ્કેલ હોય છે.

અધિકારીઓના જણાવ્યા અનુસાર જુન્નરદેવના રોરાઢેકનીમલ ગામની ગુન્નોબાઈ નામની ૨૮ વર્ષીય મહિલાએ સમય પહેલા એક સ્થાનિક આરોગ્ય સેવા ખાતે ચાર બાળકોને જન્મ આપ્યો હતો.

અકાળે જન્મમાંથી ઉદ્ભવતી ગૂંચવણોને કારણે નવજાત બાળકોને તુરંત વધુ મેડિકલ સારવાર માટે જિલ્લા હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જો કે તેમાંથી બે બાળકોનું રસ્તામાં જ મોત થયું હતું જ્યારે બાકીના બે હોસ્પિટલમાં દાખલ થયાના ટૂંક સમયમાં જ અવસાન પામ્યા. હોસ્પિટલના સ્રોતોએ પુષ્ટી કરી કે નવજાત બાળકોના ફેફસા ગંભીર રીતે અવિકસીત હતા, જે એકસાથે વધુ બાળકોના જન્મ થવાની બાબતમાં સામાન્ય પણ ગંભીર સમસ્યા હોય છે.

જિલ્લા હોસ્પિટલના અધિકારીએ જણાવ્યું કે નવજાત બાળકોનું વજન અત્યંત ઓછું હતું અને ગંભીર રીતે અવિકસીત હતા. હોસ્પિટલ સુધી પહોંચનાર એક બાળકીનું વજન ૬૦૦ ગ્રામ હતું જ્યારે બાળકનું વજન માત્ર ૩૫૦ ગ્રામ હતું.

તેમના ફેફસા પણ અવિકસીત હોવાથી સ્વતંત્ર રીતે શ્વાસ લેવાનું અશક્ય હતું. રસ્તામાં જ અવસાન પામેલા બે અન્ય બાળકોના વજન પણ આશરે ૬૦૦ ગ્રામ જેટલા હતા.

ડોક્ટરોએ જણાવ્યું કે જુન્નરદેવ વિસ્તારમાં જન્મ સમયે બાળકોના ઓછા વજન સામાન્ય બાબત છે અને નવજાત બાળકોના જન્મસમયના વજન આશરે બે કિલો હોય છે. આ ચાર બાળકોના જન્મની બાબતમાં માતાનું શરીર ચાર ગર્ભના વિકાસને પૂરતો ટેકો ન આપી શક્યું, જેના પરિણામે તેમના મહત્વના અવયવો અવિકસીત રહ્યા.

ડોક્ટરોએ વધુ માહિતી આપી કે ચાર બાળકોનો જન્મ થતો હોય તેવી પ્રસૂતિમાં વધુ જોખમ રહેલું હોય છે અને તેમાં પ્રસવ પછી સતત નિરીક્ષણ, વિશેષ પ્રસુતિ સંભાળ અને આધુનિક શ્વસન સપોર્ટની જરૂર હોય છે. આવા કેસોમાં સામાન્ય રીતે ઈન-વિટ્રો ફર્ટિલાઈઝેશન (આઈવીએફ) સહિતનીરિપ્રોડક્ટીવ ટેકનોલોજીની મદદ લેવામાં આવતી હોય છે. જો કે અધિકારીઓએ જણાવ્યું કે આ પ્રસૂતિ અચાનક હોવાથી પડકારજનક બની હતી જે મેડિકલ ક્ષેત્રમાં વધુ દુર્લભ અને પડકારજનક હોય છે.

અકાળે થતી પ્રસૂતિ આવી ગર્ભાવસ્થામાં લગભગ અનિવાર્ય હોય છે જેના કારણે નવજાતના બચવાની તકો મર્યાદિત બને છે.

ગરવી ગુજરાત

ગરવી ગુજરાત

- એક શુભેચ્છક

RNI No. GUJGUJ/2008/26148 Printed, Published & Owned by AJAYKUMAR RAMANLAL PRAJAPATI and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004 (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, “Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, “Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002 and Published from TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005. Editor : AJAYKUMAR RAMANLAL PRAJAPATI

# લીબિયામાં અપહરણ કરી બંધક બનાવનાર મહેસાણાના દંપતીનો આખરે છૂટકારો

(સંપૂર્ણ સમાચાર સેવા)મહેસાણા

વિદેશ જવાની ઘેલછામાં ઉત્તર ગુજરાતના પરિવારો અવારનવાર મુશ્કેલીમાં મુકાતા હોવાના કેટલાક કિસ્સાઓ આપણે સાંભળ્યા છે. ત્યારે મહેસાણાના બદલપુરા (મેઉ) ગામના એક પરિવાર માટે ડોલરનું સપનું દુઃસ્વપ્ન સાબિત થયું હતું. પોર્ટુગલ જવા નીકળેલા આ પરિવારને પહેલા દુબઈ અને પછી લિબિયા લઈ જઈને ગોંધી રાખવામાં આવ્યા હતા. લીબિયામાં દંપતી અને બાળકનું અપહરણ કરવામાં આવ્યું હતું. આખરે ૮૦થી ૮૫ લાખ રૂપિયાની ખંડણી ચૂકવ્યા બાદ દંપતી અને તેમની ત્રણ વર્ષની બાળકી હેમખેમ વતન પરત ફર્યા છે. પ્રાપ્ત વિગતો અનુસાર, મહેસાણાના બદલપુરા ગામનું આ દંપતી તેમની માસૂમ બાળકી સાથે ગત ૨૯ નવેમ્બરના રોજ દુબઈથી પોર્ટુગલ જવા નીકળ્યું હતું. પરિવારે એજન્ટને અગાઉથી જ ૩૦ લાખ રૂપિયા ચૂકવી દીધા હતા. જોકે, ક્રૂર એજન્ટોએ તેમને પોર્ટુગલ મોકલવાને બદલે લિબિયા ઉતારી દીધા હતા, જ્યાં સ્થાનિક અપહરણકર્તાઓએ આખા પરિવારને બંધક બનાવી લીધો હતો. અપહરણકારોએ પરિવારને બંધક બનાવીને તેમના સંબંધીઓ પાસે બે કરોડ રૂપિયાની ખંડણી માંગી હતી. પરિસ્થિતિ ત્યારે વધુ ગંભીર બની જ્યારે અપહરણકારોએ વીડિયો કૉલ દ્વારા પરિવારને મારી નાંખવાની ધમકી આપીને ટોર્ચર કરવાનું શરૂ કર્યું.

મહેસાણામાં રહેતા આ પરિવારના ભાઈએ અપહરણકારો સાથે સતત વાતચીત અને બાર્ગેનિંગ ચાલુ રાખ્યું હતું. અંતે બે કરોડના બદલે ૮૦થી ૮૫ લાખ રૂપિયા ઓનલાઈન ટ્રાન્સફર કરવાનું નક્કી થયું હતું. આ રકમ ચૂકવ્યા બાદ અપહરણકારોએ પરિવારને મુક્ત કર્યો હતો. આમ, એજન્ટના ૩૦ લાખ અને ખંડણીના ૮૦થી ૮૫ લાખ મળીને પરિવારે કુલ ૧.૧૫ કરોડ જેટલા રૂપિયા ગુમાવવાનો વારો આવ્યો છે. મોતના મુખમાંથી હેમખેમ પાછા ફરેલા પરિવારે ઘરે પહોંચતા જ ભગવાનનો આભાર માન્યો હતો. આ પરિવાર પાછો ફરે તે માટે અનેક માનતાઓ પૂરી કરી હતી. જોકે, આ ઘટના બાદ પરિવારમાં ભારે આક્રોશ છે. જે એજન્ટોએ તેમને છેતરીને લિબિયા મોકલ્યા અને મોતના મુખમાં ધકેલ્યા, તેમની સામે હવે પરિવાર પોલીસ ફરિયાદ નોંધાવવાની તૈયારી કરી રહ્યો છે.

અપહૃત થયેલી વ્યક્તિએ મીડિયા સાથેની વાતચીતમાં જણાવ્યું છે કે, અમને પહેલા દુબઈ લઈ ગયા ત્યાં બેથી ત્રણ દિવસ રાખ્યા તે પછી અમને લીબિયા લઈ જવામાં આવ્યા હતા. ત્યાં અમે પહેલીથી ૧૭મી તારીખ સુધી રાખવામાં આવ્યાં. અમારા પાસપોર્ટ, મોબાઈલ બધું લઈ લીધું, અમને જમવાનું પણ આપવાનું ન હતા. એ લોકો અમારી પાસે નહીં પરંતુ ઘરે જ રૂપિયાની માંગણી કરતા હતા. અમને બધાને અલગ અલગ જગ્યાએ રાખ્યા હતા. તે લોકો કહેતા હતા કે તું તારા પરિવાર સામે રડીશ તો જ અમને રૂપિયા આપશે. અમને માનસિક અને શારીરિક ત્રાસ આપતા હતા.

# લોકોમોટિવ શેડ સાબરમતીની નવીન પહેલઃ ઈનોવેટિવ વેક્યૂમ આસિસ્ટેડ ટ્રેક ક્લીનિંગ ડિવાઈસ વિકસિત કરી





ભારત સરકારની મેક ઇન ઈન્ડિયા પહેલ અંતર્ગત ભારતને ઉત્પાદન, ડિઝાઈન તથા નવીનતાનું વૈશ્વિક કેન્દ્ર બનાવવાના તથા આત્મનિર્ભર ભારત અભિયાન હેઠળ અનેક સુધારાઓ કરવામાં આવી રહ્યા છે. આ જ ક્રમમાં વિકસિત ભારતની સંકલ્પના અને સ્વચ્છતા હી સેવા અભિયાનને આગળ વધારતાં પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડલ સ્થિત લોકોમોટિવ શેડ સાબરમતી દ્વારા નવીનતા અને સ્વદેશી તકનીકી વિકાસના ક્ષેત્રમાં એક વધુ મહત્વપૂર્ણ સિદ્ધિ પ્રાપ્ત કરવામાં આવી છે. લોકો શેડ સાબરમતીની ટીમ દ્વારા ઈન-હાઉસ ના રૂપે એક વેક્યૂમ આસિસ્ટેડ ટ્રેક ક્લીનર **(VAT** ક્લીનર) નું સફળતાપૂર્વક ડિઝાઈન અને નિર્માણ કરવામાં આવ્યું છે.

આ ઉપકરણ પર્યાવરણને અનુકૂળ અને કિફાયતી છે. આ ઈકો-ફ્રેન્ડલી અને કિફાયતી ડિવાઈસ એચ એચ પિ લોકોમોટિવના રેડિયેટર ફેનનો ઉપયોગ કરીને ઈન-હાઉસ બનાવવામાં આવ્યું છે, જેને એક ડીઝલ વર્કિંગ ટ્રોલી **(DWT)** પર વર્ટિકલ લગાવવામાં આવ્યું છે અને તે લોકોમોટિવમાંથી જ પાવર મેળવે છે. રેડિયેટર ફેન ચેમ્બર ખાસ ડિઝાઈન કરાયેલ કચરો એકત્રિત કરનારા ચેમ્બર સાથે જોડાયેલ છે, જેના કારણે રેલવે ટ્રેક અને આસપાસના વિસ્તારોમાંથી કચરો અસરકારક રીતે દૂર કરી શકાય છે.

૧૦૦૦ થી ૧૮૦૦ આરપીએમ ની ઉચ્ચ ગતિએ કાર્ય કરતું આ ઉપકરણ અસરકારક સક્શન પ્રદાન કરે છે. વૈટ ક્લીનરના સંચાલન માટે ડ્રાઈવર ડેસ્ક પર ઓન/ઓફ તેમજ વેરિએબલ સ્પીડ કંટ્રોલની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી છે, જેથી ડ્રાઈવર પોતાની બેઠક પરથી જ સક્શન ક્ષમતાને નિયંત્રિત કરી શકે છે. **120 x 55 x 65** ઈંચ કદનું વિશાળ કચરો સંગ્રહ ચેમ્બર અને તેમાં લગાવેલી હેવી ડ્યૂટી નેટ બેગ કચરાના સંગ્રહ અને નિકાલને સરળ બનાવે છે.

૨૦૦ મીમી વ્યાસની સક્શન હોઝ તથા મેકેનિકલ મૂવમેન્ટ વ્યવસ્થા દ્વારા એક જ ઓપરેટર દ્વારા ટ્રેક અને ટ્રેક સાઈડ વિસ્તારની સફાઈ શક્ય બને છે. આ ઉપકરણનું સંચાલન લોકોમોટિવની નિયંત્રણ પ્રણાલીથી સંપૂર્ણપણે સ્વતંત્ર છે, જેના કારણે સુરક્ષિત કામગીરી સુનિશ્ચિત થાય છે. સાથે સાથે, લોકોમોટિવ ગતિશીલ અવસ્થામાં હોવા છતાં પણ સફાઈ કાર્ય કરી શકાય છે.

લોકો શેડ સાબરમતી દ્વારા વિકસાવેલી આ નવીન પહેલ માત્ર ટ્રેકની સ્વચ્છતા અને સુરક્ષાને મજબૂત બનાવે છે એટલું જ નહીં, પરંતુ પશ્ચિમ રેલવેની સ્વદેશી નવીનતા, સંસાધનોના અનુકૂળ અને સતત વિકાસ પ્રત્યેની પ્રતિબદ્ધતાને પણ સ્પષ્ટ દર્શાવે છે.

# સરકાર સુધી લઈ જઈશ અને ન્યાય નહી મળે તો ભાજપ છોડી દઈશ: ચૈતર વસાવા પર તોડના આક્ષેપ બાદ હવે મનસુખ વસાવાના કલેકટર પર ગંભીર આરોપ

પ્રતિનિધિ,ગાંધીનગર



નર્મદા જિલ્લામાં રૂપીયા ૭૫ લાખની તોડ માંગણીના મુદ્દે રાજકારણ ગરમાયુ છે. આ મામલે ધારાસભ્ય ચૈતર વસાવાએ કલેકટરને મળીને સ્પષ્ટતા માંગતા કલેકટરે આવી કોઈપણ માંગણી થઈ હોવાનો ઈન્કાર કર્યો હતો, કલેકટર દ્વારા અગાઉની વાત થી પલ્ટો લેવા હોવાના આક્ષેપ સાથે સાંસદ મનસુખ વસાવા ભારે રોષે ભરાયા છે અને તેમણે કલેકટર પર ગંભીર આક્ષેપો કર્યા છે. ઈજનેર મોદીએ અમારી હાજરીમાં કબુલ્યુ હતુ, સાંસદ મનસુખ વસાવાએ જણાવ્યુ કે નર્મદા વિભાગના બાંધકામ વિભાગના કાર્યપાલક ઈજનેર મિસ્ટર મોદી પાસે ચૈતર વસાવાએ રૂપીયા ૭૫ લાખની માંગણી કરી હતી.

તેમના જણાવ્યા મુજબ કાર્યપાલક ઈજનેર મોદીએ આ બાબત જિલ્લા કલેકટર એસ કે મોદીને જણાવી હતી. ધારાસભ્ય ચૈતર વસાવા દ્વારા આવી માંગણી કરવામાં આવી છે તેમજ તેમને ડરાવવામાં અને ધમકાવવામાં આવ્યા છે. મનસુખ વસાવાનો દાવો છે કે આ પછી કલેકટરે ફરી કાર્યપાલક ઈજનેર મોદીને બોલાવ્યા હતા અને તેમની હાજરીમાં તેમજ કલેકટરની હાજરીમાં આ બાબત કબુલ પણ કરવામાં આવી હતી. સમગ્ર ઘટનાનુ રેકોર્ડિંગ કલેકટર પાસે છે, મનસુખ વસાવાએ વધુમાં જણાવ્યુ હતુ કે આ સમગ્ર ઘટનાનુ રેકોર્ડિંગ કલેકટર પાસે હોવા છતાં તેઓ આ વાતને છુપાવી રહ્યા છે. જે તેમના માટે મોટો પ્રશ્ન છે. તેમણે કહ્યુ હતુ કે હું સાચો કે કલેકટર સાચા કે ચૈતર વસાવા સાચા તેનો સરકાર નિર્ણય કરશે. સરકાર સુધી લઈ જઈશ અને ન્યાય નહી મળે તો ભાજપ છોડી દઈશ, તેમણે સ્પષ્ટ ચેતવણી આપી કે આ મામલો તેઓ સરકાર સુધી લઈ જશે અને જો સરકાર તેમની સાથે ન્યાય નહી કરે તો તેઓ ભારતીય જનતા પાર્ટી છોડી દેશે. મનસુખ વસાવાએ કલેકટરને ડરપોક કહીને આક્ષેપ કર્યો હતો કે તેઓ સાચી હકીકત સામે લાવવા તૈયાર નથી, રાજકીય કારર્કિદી અને પ્રતિષ્ઠાને નુકશાન પહોંચાડવાનો પ્રયાસ થઈ રહ્યો છે. તો બીજી તરફ ધારાસભ્ય ચૈતર વસાવાએ આ તમામ આક્ષેપોને નકાર્યા છે.

તેમણે કહ્યુ કે મનસુખ વસાવાને તેમની વિનંતી છે કે વડાપ્રધાનના ડેડીયાપાડાના કાર્યક્રમ સંબંધીત મુદ્દા સુધી જ માહિતી રાખે, તેમને પ્રશ્ન કર્યો કે પાયા વિહોણા આક્ષેપો કરીને એક સાંસદ તરીકે મારા પર આરોપો શા માટે મુકે છે ? ચૈતર વસાવાએ જણાવ્યુ કે આવા આક્ષેપોથી તેમની રાજકીય કારર્કિદી અને પ્રતિષ્ઠાને નુકશાન પહોચાડવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. જે વ્યાજબી નથી., તોડ મુદ્દે રાજકીય અને વહિવટી સ્તરે ભારે ચર્ચા હાલ નર્મદા જિલ્લાના આ તોડ મુદ્દે રાજકીય અને વહિવટી સ્તરે ભારે ચર્ચા ચાલી રહી છે. હવે સરકાર દ્વારા શું નિર્ણય લેવામાં આવે છે અને આ મામલે સત્ય શું છે તે તપાસ બાદ જ સ્પષ્ટ થવાની શકયતા છે.

# સુરતમાં કાળજું કંપાવતી ઘટનાઃ માતાએ ૫ વર્ષના પુત્ર સાથે ૧૪મા માળેથી લગાવી મોતની છલાંગ

(સંપૂર્ણ સમાચાર સેવા)સુરત

શહેરના અલથાણ વિસ્તારમાં આવેલ સુમન અમૃત આવાસમાં આજે એક અત્યંત કરુણ અને ચકચારી ઘટના સામે આવી છે. એક અજાણી મહિલાએ પોતાના ૫ વર્ષના માસૂમ પુત્ર સાથે બિલ્ડિંગના ૧૪મા માળેથી પડતું મૂકી આત્મહત્યાનો પ્રયાસ કર્યો હતો. આ ગમખ્વાર બનાવમાં માસૂમ બાળકનું ઘટનાસ્થળે જ કમકમાટીભર્યું મોત નીપજ્યું છે. જ્યારે માતાની હાલત અત્યંત નાજુક હોવાનું જાણવા મળી રહ્યું છે.

પ્રાપ્ત વિગતો મુજબ, મહિલા જ્યારે તેના પુત્ર સાથે ૧૪મા માળેથી નીચે કૂદી ત્યારે તે નીચે પાર્ક કરેલી એક કાળા રંગની કાર પર પટકાઈ હતી. ઊંચાઈએથી પટકાવાને કારણે કારનો પાછળનો ભાગ અને કાચ સંપૂર્ણપણે ચગદાઈ ગયા હતા. આ અકસ્માતમાં ૫ વર્ષના બાળકને ગંભીર ઈજાઓ પહોંચતા તેણે દમ તોડ્યો હતો.

લોહીલુહાણ હાલતમાં માતાને તાત્કાલિક સુરત સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવી છે. જ્યાં તે જીવન-મરણ વચ્ચે ઝોલા ખાઈ રહી છે.

બનાવની જાણ થતાં જ ખટોદરા પોલીસનો કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો. તપાસ દરમિયાન કેટલીક મહત્વની વિગતો સામે આવી છે.આશ્ચર્યની વાત એ છે કે આવાસમાં રહેતા રહીશો આ મહિલાને ઓળખતા નથી. પોલીસને શંકા છે કે મહિલા આત્મહત્યા કરવાના ઈરાદે જ બહારથી આ બિલ્ડિંગમાં આવી હોઈ શકે છે.

ખટોદર પીઆઈ ભાવેશ રબારીના જણાવ્યા અનુસાર, પ્રાથમિક દ્રષ્ટિએ આ આત્મહત્યાનો મામલો જણાય છે. પોલીસ હાલ સીસીટીવી ફૂટેજ અને ટેક્નિકલ સોર્સની મદદથી મહિલાની ઓળખ કરવાના પ્રયાસ કરી રહી છે.આ ઘટના સવારે અંદાજે ૧૦:૩૦ વાગ્યાની આસપાસ બની હતી.

એક માતાએ પોતાના જ વહાલસોયા પુત્ર સાથે આવું આત્મઘાતી પગલું કેમ ભર્યું? તે ક્યાંની રહેવાસી છે. તેવા અનેક પ્રશ્નો હાલ વણઉકેલ્યા છે. આ ઘટનાને પગલે આખા આવાસ અને સુરત શહેરમાં ભારે શોક અને અરેરાટીનો માહોલ જોવા મળી રહ્યો છે. પોલીસે હાલ અકસ્માત મોતનો ગુનો નોંધી આગળની તપાસ તેજ કરી છે.

# સુરેન્દ્રનગરમાં ઈડી ની રેડ બાદ ભ્રષ્ટાચાર કેસ મામલે એસીબી ની એન્ટ્રી : એસીબી દ્વારા યોજાઈ પ્રેસ કોન્ફરન્સ

પ્રતિનિધિ,ગાંધીનગર




સુરેન્દ્રનગર જિલ્લા કલેકટર કચેરીમાં ચાલતા ભ્રષ્ટાચારના નેટવર્કનો આખરે પર્દાફાશ થયો છે. આ મામલે છેલ્લા બે દિવસમાં ચાલી રહેલી ઈડી ની રેડ સહિતની કાર્યવાહી બાદ ઈડી ના એક સીનીયર અધિકારીએ એન્ટી કરપ્શન બ્યુરો માં ફરીયાદ નોંધાવી છે. જે ફરીયાદને આધારે એસીબીએ ૨૩ ડીસેમ્બર ના રોજ સુરેન્દ્રનગરના તત્કાલીન જિલ્લા કલેકટર, નાયબ મામલતદાર અને અન્ય સ્ટાફ વિરૂધ્ધ સત્તાવાર રીતે ગુન્હો દાખલ કર્યો છે.

આ મામલે હાલ એસીબીના ડીઆઈજી મકરંદ ચૌહાણે પ્રેસ કોન્ફરન્સ યોજી વિગતવાર માહિતી આપી હતી. તેમણે જણાવ્યુ હતુ કે સુરેન્દ્રનગરમાં થયેલા ભ્રષ્ટાચાર અને આર્થિક ગેરરીતીઓ મામલે ગઈ તારીખ ૨૩/૧૨/૨૦૨૫ ના રોજ ગુન્હો દાખલ કરવામાં આવ્યો છે. આ ફરીયાદ ઈડી ના એક સીનીયર અધિકારી દ્વારા દાખલ કરવામાં આવી છે. જેમના સર્ચ ઓપરેશન દરમિયાન ભ્રષ્ટાચારના પુરાવાઓ હાથ લાગ્યા હતા. તો બીજી તરફ એસીબી ડીઆઈજી મકરંદ ચૌહાણે જણાવ્યુ હતુ કે ડોકટર રાજેન્દ્ર પટેલ જિલ્લા કલેકટર સુરેન્દ્રનગર, ચંદ્રસિંહ મોરી નાયબ મામલતદાર કલેકટર કચેરી, જયરાજસિંહ ઝાલા જિલ્લા કલેકટરના પીએ, મયુરસિંહ ગોહિલ જિલ્લા કલેકટર કચેરીના કલાર્ક સહિતનાઓ વિરૂધ્ધ ગુન્હો દાખલ કરવામાં આવ્યો છે.

એસીબીએ આ કેસમાં જિલ્લાના સર્વોચ્ચ અધિકારી સહિત કુલ ૪ વ્યકિતઓના નામ આરોપી તરીકે નોંધ્યા છે, આ તમામ આરોપીઓ વિરૂધ્ધ એસીબીએ પ્રિવેન્સન ઓફ કરપ્શન એકટ (ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ) ની વિવિધ કલમો હેઠળ કલમ-૭ (જાહેર સેવક દ્વારા લાંચ લેવી ) કલમ-૧૨ (ભ્રષ્ટાચાર માટે ઉશ્કેરણી કરવી ) તથા કલમ-૧૩ (સત્તાનો દુરુપયોગ કરી અપ્રમાણસર મિલ્કત કે આર્થિક લાભ મેળવવો) વગેરે કલમોનો ઉમેરો કરાયો છે.

નોંધનીય છે કે આ ભ્રષ્ટાચારના કેસમાં ઈડી ની કાર્યવાહી દરમિયાન નાયબ મામલતદાર ચંદ્રસિહ મોરીના ઘરેથી ઈડી ની રેડમાં ૬૭.૫૦ લાખ રૂપીયાની રોકડ રકમ મળી આવી હતી. તો બીજી તરફ ગઈ કાલે પણ રોકડા ૨ કરોડ રૂપીયા મળી આવ્યા હતા. સાથે જ જમીન વ્યવહાર સંબંધીત ઢગલાબંધ દસ્તાવેજો, ફાઈલો અને અન્ય મહત્વના પુરાવાઓ કબ્જે લેવામાં આવ્યા હતા. જે બાદ નાયબ મામલતદાર ચંદ્રસિંહ મોરીની વહેલી સવારે ધરપકડ કરાઈ હતી. અને બાદમાં અમદાવાદની કોર્ટમાં રજુ કરી તેના ૧ જાન્યુઆરી સુધીના રીમાન્ડ પણ મેળવાયા છે.

જો કે એસીબીની પ્રેસ કોન્ફરન્સ દરમિયાન ડીઆઈજી મકરંદ ચૌહાણે આ બાબતે વધુ માહિતી આપવાનુ ટાળ્યુ હતું. સાથે જ આ બાબતે મીડીયા કર્મીઓએ સવાલો કરતા તપાસના હિતમાં હાલમાં વધુ માહિતી આપવાનો ઈન્કાર કર્યો હતો. પરંતુ આગામી દિવસોમાં આ મામલે મોટા ધડાકા થવાની શકયતા છે. ત્યારે જિલ્લા કલેકટર કક્ષાના અધિકારી વિરૂધ્ધ એસીબી માં ગુન્હો નોંધાતા રાજયના મહેસુલ વિભાગ અને વહિવટી તંત્રમાં ભારે ફફડાટ વ્યાપી ઉઠયો છે. હવે આ ભ્રષ્ટાચારના કેસમાં એસીબી આગામી સમયમાં કોની કોની સંડોવણી છે તેની કુંડળી ખોલશે.

# ગુજરાતના રાજકારણમાં ભુકંપ: વિધાનસભાના ઉપાધ્યક્ષ જેઠા ભરવાડે આપ્યુ રાજીનામુ

પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ



ગુજરાતના રાજકારણમાં ભુકંપ આવ્યો છે. આજે નાતાલની રજાના દિવસે બપોરે અચાનક ગુજરાત વિધાનસભાના ઉપાધ્યક્ષ અને પંચમહાલના શહેરાના દિગ્ગજ ધારાસભ્ય જેઠા ભરવાડે (આહીર ) પોતાના હોદ્દા પરથી રાજીનામુ આપી દીધુ હતું.

ગાંધીનગર ખાતે વિધાનસભાના અધ્યક્ષ શંકર ચૌધરીના નિવાસસ્થાને જઈને તેમણે સત્તાવાર રીતે પોતાનુ રાજીનામુ સોંપ્યુ હતુ જેનો અધ્યક્ષે તત્કાલ સ્વીકાર પણ કરી લીધો હતો. જેઠા ભરવાડે જયારે રાજીનામુ સોપ્યુ ત્યારે ત્યાં મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ, પ્રદેશ ભાજપ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્મા અને સંગઠન મહામંત્રી રત્નાકરજી ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ હાઈ પ્રોફાઈલ બેઠક બાદ જેઠા ભરવાડના રાજીનામાએ અનેક તર્ક વિતર્ક જગાવ્યા છે. જો કે સત્તાવાર રીતે તેમણે અન્ય હોદ્દાઓની વ્યવસ્તતા અને અન્યને તક આપવાના હેતુથી આ નિર્ણય લીધો હોવાનુ જણાવ્યુ હતું.

જેઠા ભરવાડ હાલ પંચમહાલની પ્રતિષ્ઠિત પંચામૃત ડેરીના ચેરમેન તરીકે પણ કાર્યરત છે, રાજીનામા અંગે ગરવી ગુજરાત સાથે વાત કરતા તેમણે જણાવ્યુ હતુ કે મેં સ્વેચ્છાએ રાજીનામુ આપ્યુ છે. અન્ય કાર્યકરો અને નેતાઓને તક મળે તે માટે આ પદ છોડયુ છે. જો કે રાજકીય વિશ્લેષકો આ રાજીનામાને આગામી સમયમાં સંગઠન કે સરકારમાં થનારા સંભવિત ફેરફારો અથવા મોટા ફેરબદલના સંકેત તરીકે જોઈ રહ્યા છે.





## “PMJAY-મા” યોજના

**તમામ PMJAY-MA યોજના સાથે સંલગ્ન હૉસ્પિટલો માટે :**

- PMJAY-MA યોજના હેઠળની તમામ હોસ્પિટલો માટે ૩૧-૧૨-૨૦૨૫ સુધી HEM 1.0 થી HEM 2.0 પોર્ટલમાં હોસ્પિટલ એપ્લિકેશન માઈગ્રેટ કરવું ફરજિયાત છે.
- જો કોઈ હોસ્પિટલ યોજના સાથે સંલગ્ન રહેવા ઇચ્છતી ન હોય, તો તેની જિલ્લા / કૉર્પોરેશનના આરોગ્ય અધિકારીને લેખિતમાં જાણ કરી HEM 1.0 પરથી HEM 2.0 માં લોગઈન કરી વિડ્રોઅલ માટે અરજી કરવાની રહેશે. જેના માટે જિલ્લા / કૉર્પોરેશનના આરોગ્ય અધિકારીનો તાત્કાલિક સંપર્ક કરવા વિનંતી.
- PMJAY-MA હેઠળની ખાનગી હૉસ્પિટલોએ મુલાકાતીઓ / લાભાર્થીઓને ઉપલબ્ધ સ્પેશિયાલિટીની મફત / કેશલેસ સારવારની સ્પષ્ટ માહિતી મળે તે માટેની જાહેરાત ફરજિયાત યોગ્ય જગ્યાએ મૂકવી.

**તમામ PMJAY-MA યોજનાના લાભાર્થીઓ માટે :**

- NFSA (રાષ્ટ્રીય ખાદ્ય સુરક્ષા કાયદો)ના રાશન કાર્ડ ધારક ફક્ત રાશન કાર્ડ અને આધાર કાર્ડના ઉપયોગથી પોતાનું આયુષ્માન કાર્ડ બનાવી શકે છે.
- ૭૦ વર્ષ કે તેથી વધુ ઉંમરના તમામ વડીલો સામાજિક કે આર્થિક સ્તરના માપદંડ વગર ફક્ત આધાર કાર્ડથી જ આયુષ્માન કાર્ડ મેળવી શકે છે.
- લાભાર્થીઓ beneficiary.nha.gov.in પર જઈ પોતે પણ રજિસ્ટ્રેશન કરી આયુષ્માન કાર્ડ મેળવી શકે છે.
- ગૂગલ પ્લે-સ્ટોર પરથી Ayushman App ડાઉનલોડ કરી નજીકની PMJAY હૉસ્પિટલ, આયુષ્માન કાર્ડની વિગતો, મેળવેલ સારવારની વિગતો અને વૉલેટ બેલેન્સ જેવી માહિતી જોઈ શકાય છે.

“સંજીવની સમાન "આયુષ્માન કાર્ડ" એટલે આપના પરિવારના આરોગ્યની કાળજી”
**શ્રી પ્રફુલભાઈ પાનસેરીયા**
માનનીય મંત્રી, આોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગુજરાત

**PMJAY-MA યોજના, બ્લોક નં- ૪/૧ , ડો. જીવરાજ મહેતા ભવન, જૂના સચિવાલય, ગાંધીનગર- ૩૮૨૦૧૦**

વધુ માહિતી માટે **ટોલ ફ્રી નં. ૦૭૯-૬૬૪૪૦૧૦૪** સંપર્ક કરો

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગુજરાત રાજ્ય

# સુરેન્દ્રનગરના નાયબ મામલતદાર પાસેથી વધુ ૨ કરોડ રોકડા મળ્યા: ઈડીની રીમાન્ડ દરમિયાન ભ્રષ્ટાચારના ચિઠ્ઠા મળતા કારકુન અને પીએની પણ તોળાતી ધરપકડ

## સુરેન્દ્રનગર કલેકટર ની ધરપકડ થાય તે પહેલા જ સરકાર દ્વારા પોસ્ટીંગ વગર કલેકટરને રાખી દેવાયા

પ્રતિનિધિ,ગાંધીનગર

સુરેન્દ્રનગર જિલ્લા કલેકટર રાજેન્દ્ર પટેલ, નાયબ મામલતદાર ચંદ્રસિંહ મોરી, કલેકટરના પીએ જયરાજસિંહ ઝાલા તથા કારકુન મયુર ગોહિલને ત્યાં ઈડી ના દરોડા પડયા બાદ નાયબ મામલતદાર ચંદ્રસિંહ મોરીની ઈડીએ ધરપકડ કરી ૮ દિવસના રીમાન્ડ પર મેળવતા રૂપીયા ૬૭.૫૦ લાખની રોકડ રકમ જપ્ત કર્યા બાદ ગઈ કાલે વધુ રૂપીયા ૨ કરોડ ની રોકડ રકમ ઈડી એ જપ્ત કરતા ભારે ખળભળાટ મચી જવા પામેલ છે.




તો બીજી તરફ ઈડી ના દરોડામાં જમીનો બિનખેતી કરવાના પ્રકરણોમાં ઉઘરાણા કરવામાં આવતા હોવાનુ બહાર આવતા સુરેન્દ્રનગર જિલ્લા કલેકટર રાજેન્દ્ર પટેલની તાત્કાલીક અસરથી બદલી કરી તેમને સામાન્ય વહિવટના હવાલે મુકી કોઈ નવુ પોસ્ટીંગ આપવામાં આવ્યુ નથી. તો બીજી તરફ સરકારે પણ વિચાર્યુ કે કલેકટરની ધરપકડ થાય તે પહેલા જ પોસ્ટીંગ વગર કલેકટરને રાખી દેવાયા, જયારે કલેકટરનો ચાર્જ ડીડીઓ કે એસ યાજ્ઞિકને સોંપી દેવામાં આવ્યો છે. ઈડી એ દરોડા પાડયા ત્યારે નાયબ મામલતદાર ચંદ્રસિંહ મોરીના બેડ રૂમમાંથી રૂપીયા ૬૭.૫૦ લાખ ની રોકડ કબ્જે કર્યા બાદ વધુ પુછપરછ દરમિયાન બીજા રૂપીયા ૨ કરોડની રોકડ રકમ પણ મળી આવી હોવાનુ જાણવા મળે છે. આ સિવાય અન્ય કરોડો રૂપીયાના વ્યવહારોની નોટ પણ મળી આવી છે. જેમાં દલાલો / વકીલો અને એજન્ટો મારફત થયેલી લેતી દેતી ની વિગતો મળી આવી છે. આ ભ્રષ્ટાચારકાંડ માં એન્ટીકરપ્શન બ્યુરોમાં કલેકટર તેના પીએ, નાયબ મામલતદાર અને કલાર્ક સામે ગુન્હો નોંધાવ્યો હોય ત્યારે એસીબી દ્વારા નાયબ નિયામકને તપાસ સોંપવામાં આવી છે ત્યારે નાયબ મામલતદાર સિવાયના સામે પણ ગમે ત્યારે ધરપકડ થઈ શકે છે અને પીએ તથા કલાર્ક ની ગમે ત્યારે ધરપકડ કરવામાં આવે તેવી પુરેપુરી શકયતા છે. દરમિયાન જિલ્લા કલેકટર રાજેન્દ્ર પટેલની પુછપરછ અને તેની સામે કાર્યવાહી માટે પણ ઈડી દ્વારા નિયમ અનુસાર સરકારની મંજુરી માંગવામાં આવી છે ત્યારે આ મંજુરી મળ્યા બાદ કલેકટરની પણ અટકાયત કરવામાં આવે તેવી પુરેપુરી શકયતા દર્શાવાય છે. હાલ કલેકટરની નવા પોસ્ટીંગ વગર બદલી કરી નાખવામાં આવી છે. ટુંક સમયમાં કલેકટરની ધરપકડ થાય તેવા નિર્દેશો મળે છે. આર્થિક બાબતોને લઈને વિવાદમાં આવેલા સુરેન્દ્રનગરના જિલ્લા કલેકટર રાજેન્દ્ર પટેલની તાત્કાલીક અસરથી બદલી કરીને તેમને વેઈટીંગ ઈન પોસ્ટીંગ ની કેટેગરીમાં મુકી દેવાયા છે. હાલમાં સુરેન્દ્રનગર જિલ્લા કલેકટરનો ચાર્જ સુરેન્દ્રનગરના જિલ્લા વિકાસ અધિકારી યાજ્ઞિકને સોંપવામાં આવ્યો છે. સુરેન્દ્રનગર જિલ્લા કલેકટર અને કેટલાક અન્ય સરકારી અધિકારીઓના આર્થિક કૌભાંડની જાણ ગુજરાતની કોઈ એજન્સીને થાય તે પહેલા એન્ફોર્સમેન્ટ ડીરેકટોરેટ ને થઈ હતી. જેના પગલે ઈડી એ સુરેન્દ્રનગરમાં માખણ અને મલાઈ મળે તેવી જગ્યાએ ફરજ બજાવતા સરકારી અધિકારીઓને સાણસામાં લીધા હતા. એન્ફોર્સમેન્ટ ડીરેકટોરેટ ની ગાંજ પડી હોવાના વાવડ ગાંધીનગર પહોચતાજ સરકાર પણ એકશનમાં આવી ગઈ હતી. ઈડી ના દરોડા ૨૪ કલાક પુર્ણ થતા જ સરકારે રાતોરાત સુરેન્દ્રનગર જિલ્લા કલેકટરને ખાતા વિહોણા કરી નાંખ્યા છે.

# એસપી કક્ષાના અધિકારીઓ પીઆઈ-પીએસઆઈ કોન્સ્ટેબલને ખુલ્લા મને સાંભળે: હર્ષ સંઘવી

## ગુજરાતમાં પગ મુકતા જ ડ્રગ માફીયાના પગ ધ્રૂજવા જોઈએ: ક્રાઈમ કોન્ફરન્સના સમાપનમાં હર્ષ સંઘવીની સાફ વાત



પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

ગાંધીનગરમાં યોજાયેલી બે દિવસીય ઐતિહાસિક ક્રાઈમ કોન્ફરન્સમાં નાયબ મુખ્યમંત્રી અને ગૃહ રાજયમંત્રી હર્ષ સંઘવીએ ગુજરાત પોલીસને સ્પષ્ટ અને કડક સંદેશ આપ્યો કે ડ્રગ્સ સામે કોઈ અભિયાન નહી પરંતુ પૂર્ણ જંગ લડવાની જરૂર છે. તેમણે વધુમાં કહ્યુ કે ગુજરાતની ધરતી પર પગ મુકતા જ ડ્રગ માફીયાના પગ ધ્રૂજવા જોઈએ અને જો એ ન ધ્રૂજે તો કાયદાની કડક કાર્યવાહીથી ધ્રૂજાવવા જોઈએ, ડ્રગ્સ મામલે ગુજરાત પોલીસ કોઈપણ બાંધછોડ નહી કરે તેવુ ગૌરવપૂર્વક જણાવતા તેમણે ૨૦૨૨ ની સરખામણીએ ડ્રગ્સ સંબંધીત ગુન્હાઓમાં ઘટાડો થયો હોવાનુ પણ કહ્યુ હતુ અને પોલીસદળ ને અભિનંદન પાઠવ્યા હતા.

હર્ષ સંઘવીએ વધુમાં જણાવ્યુ હતુ કે આ ક્રાઈમ કોન્ફરન્સ માત્ર આંકડાઓ માટે નહી પરંતુ સમસ્યાઓના વાસ્તવિક નિરાકરણ માટે યોજાઈ છે. તમામ પોલીસ અધિકારીઓએ ઉત્સાહપુર્વક ભાગ લીધો અને નાગરીકોને વધુ મદદરૂપ થવા માટે ટેકનોલોજી આધારીત પ્રેઝન્ટેશન મારફતે અનેક મહત્વપૂર્ણ માહિતી રજુ થઈ, કેટલાક અધિકારીઓ તેમના જિલ્લાના કામકાજને વધુ મજબુત બનાવવા નવી પહેલ કરી રહ્યા છે. જે આવનારા સમયમાં મહત્વપૂર્ણ સાબિત થશે, પોલીસ ટીમવર્ક અને નેતૃત્વ પર ભાર મુકતા હર્ષ સંઘવીએ કહ્યુ કે સીનીયર અધિકારીઓ પાસેથી જુનીયર શીખે એવી પરંપરા સાથે ટેકનોલોજી જોડાય તે સરાહનીય છે. એસપી કક્ષાના અધિકારીઓએ મીટીંગ દરમિયાન પીઆઈ અને પીએસઆઈ તેમજ કોન્સ્ટેબલ સુધીના સ્ટાફને ખુલ્લા મનથી સાંભળવા જોઈએ. રેન્કના આધારે નહી પરંતુ કામના આધારે દરેકની વાત સાંભળવી જરૂરી છે. ટીમ લીડર મજબુત હોવો જોઈએ અને જુનીયર સ્ટાફની ભુલોને સુધારીને તેમને આગળ વધારવા જોઈએ, રોજ ભુલો શોધવી નહી, તેમણે વધુમાં કહયુ કે કેટલાક અધિકારીઓ આખો દિવસ ઓફીસમાં ન હોવા છતાં પોતાના જિલ્લામાં શું ચાલી રહ્યુ છે તેની સચોટ માહિતી ધરાવે છે જે સારા નેતૃત્વનુ ઉદાહરણ છે. આવનારા અઠવાડીયામાં વીસી મારફતે બે દિવસીય શિબિરના મંતવ્યો રજુ કરવામાં આવશે.

જેથી ફરીયાદો પર ગંભીરતા વધે અને પોલીસ વધુ પ્રજા સાથે જોડાય, રાજય પોલીસવડા વિકાસ સહાયે જણાવ્યુ હતુ કે આ બે દિવસીય ક્રાઈમ કોન્ફરન્સ ઐતિહાસિક રહી છે. તમામ વિષયો પર સર્વગ્રાહી પ્રેઝન્ટેશન થયા અને અધિકારીઓની સાચી મહેનત સ્પષ્ટ રીતે જોવા મળી તેમણે ડીજીપી તરીકે કરેલા પ્રયાસોથી અનેક સકારાત્મક બદલાવ આવ્યા હોવાનુ જણાવ્યુ હતું. સમગ્ર કોન્ફરન્સમાંથી સ્પષ્ટ સંદેશ મળ્યો કે ટેકનોલોજીનો મહત્તમ ઉપયોગ, મજબુત ટીમવર્ક અને કડક કાર્યવાહીથી જિલ્લા પોલીસ કાયદો વ્યવસ્થા વધુ મજબુત બનાવી શકે છે અને ડ્રગ્સ જેવી ગંભીર સમસ્યાઓ સામે ગુજરાત પોલીસ અડગ રીતે લડત આપશે.

# કુપોષણ મુકત ગુજરાતના દાવાઓ વચ્ચે વરવી વાસ્તવિકતા: રાજયમાં ૩.૨૧ લાખ બાળકો કુપોષિત

## કરોડો રૂપીયાનુ બજેટ પણ આદિવાસી વિસ્તારો હજુ વંચિત: ૫ વરસથી ઓછી વયના બાળકો સૌથી વધુ પ્રભાવિત



પ્રતિનિધિ,ગાંધીનગર

કુપોષણમુકત ગુજરાતના સુત્રો પોકારવામાં આવી રહ્યા છે ત્યારે ગુજરાતમાં કુપોષણની સ્થિતિ ચિંતાજનક બની છે, કુપોષણના નામે લાખો કરોડો રૂપીયાનુ આંધણ કરવામાં આવી રહ્યુ છે તેમ છતાંય લક્ષ્યાંક સિધ્ધ થઈ શકયો નથી, ખુદ કેન્દ્ર સરકારે એ વાતનો ખુલાસો કર્યો છે કે ગુજરાતમાં ૫ વરસથી ઓછી વયના ૩.૨૧ લાખ શિશુઓ કુપોષિત છે. આ પરથી ગુજરાતમાં કુપોષણની ગંભીર સ્થિતિનો અંદાજ આવી શકે તેમ છે. કુપોષણ પર કાબુ મેળવી શકાય તે માટે જનની સુરક્ષા યોજના, કસ્તુરબા પોષણ સહાય યોજના, પ્રધાનમંત્રી માતૃ સુરક્ષા અભિયાન, પ્રધાનમંત્રી માતૃ વંદના યોજના, કુપોષણમુકત ગુજરાત સહિત ૧૦ થી વધુ યોજનાઓ અમલમાં છે. પણ હજુ પંચમહાલ, દાહોદ સહિતના આદિવાસી પછાત વિસ્તારોમાં કુપોષણના સ્તરમાં સુધારો થઈ શકયો નથી. સંસદમાં કેન્દ્ર સરકારે રજુ કરેલા રીપોર્ટમાં એવા તારણો રજુ થયા છે કે જુન ૨૦૨૫ સુધી ગુજરાતમાં નાનુ કદ ધરાવતા આદિવાસી નવજાત શિશુઓની સંખ્યા ૧,૭૧,૫૭૦ છે જયારે ઓછી ઉંચાઈ ધરાવતા ૩૭,૬૯૫ બાળકો છે. આ ઉપરાંત ૧,૧૧,૮૬૨ બાળકો અતિ ઓછુ વજન ધરાવે છે. આદિવાસીઓમાં ૫ વરસથી ઓછી વયના કુપોષિત બાળકોની સંખ્યા વધુ છે. સરકારનો દાવો છે કે સગર્ભાઓને પોષણયુકત આહાર, સરકારી સહાય જ નહી, આરોગ્ય વિભાગ દ્વારા પુરતી દેખરેખ રખાય છે. તો બીજી તરફ વિપક્ષનુ કહેવુ છે કે જો સરકાર સ્વેચ્છિક સંસ્થાઓ ભેગા મળીને પ્રયાસો કરી રહ્યા છે છતાંય કુપોષણ પર કેમ કાબુ મેળવાતો નથી તે સવાલ છે.

આ ઉપરાંત મળતીયા અને ભ્રષ્ટ અધિકારીઓ સરકારી યોજનાને કમાણીની યોજના બનાવી રહ્યા છે. વાસ્તવમાં છેવાડાના વિસ્તાર સુધી સરકારી યોજનાનો લાભ મળી શકયો નથી. પરીણામે કુપોષણની સમસ્યા ચિંતાનો વિષય બની રહી છે.

# બેંગકોકથી લાવવામાં આવેલો કરોડોનો હાઈડ્રોપોનિક ગાંજો ઝડપાયો

(સંપૂર્ણ સમાચાર સેવા)અમદાવાદ

અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર નશાના કારોબાર વિરુદ્ધ કસ્ટમ્સના એર ઈન્ટેલિજન્સ યુનિટ (AIU) એ મોટી સફળતા મેળવી છે.

બેંગકોકથી ફલાઈટમાં આવેલા એક મુસાફર પાસેથી કરોડોની કિંમતનો હાઈડ્રોપોનિક ગાંજો ઝડપી પાડવામાં આવ્યો છે. આ ડ્રગ્સ ટ્રોલી બેગમાં છુપાવીને લાવવામાં આવી રહ્યો હતો.

પ્રાપ્ત વિગતો અનુસાર, બેંગકોકથી અમદાવાદ આવેલી ફલાઈટમાં એક મુસાફરની હિલચાલ શંકાસ્પદ જણાતા એર ઈન્ટેલિજન્સ યુનિટના અધિકારીઓએ તેની તપાસ કરી હતી. મુસાફરની ટ્રોલી બેગની ઝીણવટભરી તપાસ દરમિયાન તેમાંથી ૩.૯ કિલો હાઈડ્રોપોનિક ગાંજો મળી આવ્યો હતો. આ ગાંજો અત્યંત ઉચ્ચ ગુણવત્તાનો હોવાથી આંતરરાષ્ટ્રીય બજારમાં તેની કિંમત કરોડો રૂપિયા અંકાઈ રહી છે.

એરપોર્ટ સુરક્ષા એજન્સીઓએ ડ્રગ્સનો જથ્થો જપ્ત કરી આરોપી મુસાફરની તાત્કાલિક ધરપકડ કરી હતી. આરોપીની પ્રાથમિક પૂછપરછ બાદ તેને સ્થાનિક કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો હતો. કોર્ટે તમામ દલીલો અને પુરાવાઓને ધ્યાને લઈ આરોપીને જ્યુડિશ્યલ કસ્ટડી (જેલ હવાલે) કરવાનો આદેશ આપ્યો છે.તપાસ એજન્સીઓ હવે એ દિશામાં કામ કરી રહી છે કે આ ડ્રગ્સનો જથ્થો ગુજરાતમાં કોને પહોંચાડવાનો હતો અને શું આ પાછળ કોઈ મોટું આંતરરાષ્ટ્રીય ડ્રગ્સ રેકેટ કામ કરી રહ્યું છે? અમદાવાદ એરપોર્ટ પર સતર્કતાને કારણે ડ્રગ્સ ઘુસાડવાનો આ મોટો પ્રયાસ નિષ્ફળ રહ્યો છે.

# અરવલ્લી જિલ્લામાં જરૂરી વિભાગોની કચેરીઓ તાત્કાલીક શરૂ કરવાની કોંગ્રેસની માંગ : જિલ્લા કોંગ્રેસ સમિતિએ કલેકટરને આપ્યુ આવેદનપત્ર



પ્રતિનિધિ,ગાંધીનગર

અરવલ્લી જિલ્લામાં જરૂરી વિભાગોની કચેરીઓ તાત્કાલીક શરૂ કરવાની માંગ સાથેનુ જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા કલેકટરને ગઈ કાલે આવેદનપત્ર આપવામાં આવ્યુ છે.

વર્ષ ૨૦૧૪ માં અલગ જિલ્લો બનેલા અરવલ્લીમાં આજે પણ અનેક મહત્વપૂર્ણ સરકારી વિભાગોની કચેરીઓ શરૂ ન થવી એ સરકારની ગંભીર બેદરકારીનુ જીવંત ઉદાહરણ છે.

આ મુદ્દે અરવલ્લી જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા જિલ્લા કલેકટરને આવેદનપત્ર આપી તાત્કાલીક કાર્યવાહી કરવાની કડક માંગ કરવામાં આવી છે. વન વિભાગની વિસ્તરણ રેન્જ, ખોરાક અને ઔષધ નિયંત્રણ, માજી સૈનિક વેલ્ફેર બોર્ડ, નશાબંધી આબકારી, અનુસુચિત જાતિ જનજાતિ નિગમ સહિતની કચેરીઓના અભાવે અરવલ્લી ના નાગરીકોને આજે પણ બીજા જિલ્લામાં ધકકા ખાવા પડે છે. વિકાસની વાતો માત્ર કાગળ પર છે, જમીન પર અરવલ્લી સતત અવગણાઈ રહ્યો છે.

અરવલ્લી જિલ્લા કોંગ્રેસ પ્રમુખ અરૂણભાઈ પટેલે જણાવ્યુ હતુ કે આદિવાસી અને ગ્રામ્ય જિલ્લાને મુળભુત સેવાઓથી વંચિત રાખવો એ અન્યાય છે, હવે અરવલ્લી વધુ અન્યાય સહન નહી કરે, વધુમાં સ્પષ્ટ જણાવ્યુ હતુ કે જો તાત્કાલીક કચેરીઓ શરૂ નહી થાય તો જનહિતમાં ઉગ્ર આંદોલન કરવામાં આવશે.

# મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ આર એન્ડ બી ના અધિકારીઓ સામે થયા ગુસ્સે: સહેજ પણ રોડ રસ્તાના મામલે ચલાવી લેવામાં નહી આવે



પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

રાજયના નાગરીકોની ફરીયાદોના ઝડપી નિવારણ માટે યોજાતા સ્વાગત ઓનલાઈન કાર્યક્રમમાં આ વખતે અસાધારણ દ્રશ્ય જોવા મળ્યુ હતુ, સામાન્ય રીતે શાંત સંયમિત અને મૃદુ સ્વભાવ માટે જાણીતા મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ રોડ રસ્તાઓની બેહાલ સ્થિતિ અને સમારકામમાં થઈ રહેલા વિલંબને લઈને અધિકારીઓ પર ઘણા ગુસ્સે થયા હતા. રાજયભરમાંથી આવેલા રોડ રસ્તાઓને લગતા અનેક કેસો સાંભળ્યા બાદ મુખ્યમંત્રીએ જવાબદાર અધિકારીઓને કડક શબ્દો ફટકાર્યા હતા. ગાંધીનગર થી યોજાયેલા રાજયસ્તરીય સ્વાગત કાર્યક્રમમાં વિવિધ જિલ્લાઓમાંથી જોડાયેલા અરજદારો દ્વારા તુટેલા રોડ રસ્તા, ખાડાઓ, રી સરફેસિંગમાં વિલંબ, તેમજ કોન્ટ્રાકટરોની બેદરકારી અંગે ગંભીર ફરીયાદો કરવામાં આવી હતી. ઘણી રજુઆતોમાં ચોમાસુ પુરૂ થયા બાદ પણ રોડ રસ્તાઓની હાલત સુધરી નથી તેવી વ્યથા વ્યકત કરવામાં આવી હતી. જયારે સંબંધીત જિલ્લા કલેકટરો, મહાનગર પાલિકાના અધિકારીઓ અને મ્યુનિસીપલ કમિશ્નરોએ ટેકનિકલ કારણો અને પ્રક્રિયાત્મક વિલંબની દલીલો રજુ કરવાનો પ્રયાસ કર્યો ત્યારે મુખ્યમંત્રીએ તેમણે અધવચ્ચે અટકાવીને સ્પષ્ટ શબ્દોમાં સવાલ કર્યો હતો કે ચોમાસુ ગયા પછી એટલો સમય વિતી ગયો છતાં રોડ રસ્તાઓ કેમ સુધર્યા નથી ? બહાના નહી ચાલે હવે પરીણામ જોઈએ,

વિડીયો કોન્ફરન્સ દ્વારા જોડાયેલા તમામ ઉચ્ચ અધિકારીઓને મુખ્યમંત્રીએ સ્પષ્ટ અલ્ટીમેટમ આપતા જણાવ્યુ હતુ કે રોડ રસ્તાઓના કામમાં કોઈપણ પ્રકારની ઢીલાશ કે બેદરકારી ચલાવી લેવામાં આવશે નહી, તેમણે વધુમાં કહ્યુ કે પ્રજાને રોજીંદા જીવનમાં તકલીફ પડે તે સરકાર માટે સ્વીકાર્ય નથી. ફાઈલોમાં કામ પુરૂ બતાવવાને બદલે જમીન પર કામ દેખાવવુ જોઈએ. મુખ્યમંત્રીએ ખાસ કરીને ગુણવત્તા મુદ્દે કોઈ સમાધાન નહી કરવાની કડક સુચના આપી હતી. રોડ રસ્તા રીપેર કર્યા બાદ થોડા જ દિવસોમાં ફરી તુટી જાય તેવા હલકી ગુણવત્તાના કામ કરનારા કોન્ટ્રાકટરોને બ્લેકલીસ્ટ કરવા અને તેમની સામે કાયદેસરની કાર્યવાહી કરવા સ્પષ્ટ આદેશ આપ્યા હતા. વધુમાં તેમણે જણાવ્યુ હતુ કે જયાં ટેન્ડર પ્રક્રિયા પુર્ણ થઈ ગઈ છે અને વર્ક ઓર્ડર આપવામાં આવ્યા છે ત્યાં કોઈપણ બહાનુ સ્વીકાર્ય નથી, તાત્કાલીક કામ શરૂ કરી નિર્ધારીત સમય મર્યાદામાં રોડ રસ્તાઓનુ સમારકામ પુર્ણ કરવાની જવાબદારી અધિકારીઓની રહેશે, આ ઉપરાંત મુખ્યમંત્રીએ વહીવટી અધિકારીઓને માત્ર ઓફિસમાં બેસીને રીપોર્ટ મંગાવવાને બદલે જાતે સાઈટ પર જઈને કામની ગુણવત્તા અને પ્રગતિનુ નિરીક્ષણ કરવાની તાકીદ કરી હતી. જો જરૂર જણાય તો વરીષ્ઠ અધિકારીઓએ જાતે જ મેદાનમાં ઉતરી કામગીરીની સમિક્ષા કરવી પડશે. મુખ્યમંત્રીના આ આક્રમક અને સ્પષ્ટ વલણને પગલે વહિવટી તંત્રમાં ફફડાટ ફેલાયો હોવાનુ જણાઈ રહ્યુ છે. સામાન્ય રીતે સ્વાગત કાર્યક્રમ ફરીયાદોના નિવારણ સુધી સિમિત રહે છે. પરંતુ આ વખતે મુખ્યમંત્રીએ તેને જવાબદારી નકકી કરવાનો મંચ બનાવી દીધો હતો. આ બેઠક થી સ્પષ્ટ સંકેત મળ્યો છે કે રાજય સરકાર હવે નાગરીકોની મુળભુત સુવિધાઓ, ખાસ કરીને રોડ રસ્તાઓ જેવી મહત્વની બાબતોમાં કોઈપણ પ્રકારની બેદરકારી કે વિલંબ સહન કરવાની નથી. હવે પરીણામ ન આપનાર અધિકારીઓ અને કોન્ટ્રાકટરો સામે કડક કાર્યવાહી થવાની શકયતા પ્રબળ બની છે.

# મફત આપવા કરતા તેનુ સ્વમાન જળવાય તે જરૂરી છે : મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના ચાબખા

## આમ આદમી પાર્ટી અને કોંગ્રેસનુ નામ લીધા વગર મુખ્યમંત્રીએ માર્યા ચાબખા : ૧૦- ૧૨ વરસથી વણઉકેલ્યા પ્રશ્નોનો નિકાલ થાય છે




પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

ગુજરાતમાં સુશાસન દિવસની ઉજવણી દરમિયાન મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે અધિકારીઓને માર્ગદર્શન આપતા વિપક્ષોને આડકતરી રીતે નિશાન સાધ્યુ હતું, વિપક્ષી નેતાઓનુ નામ લીધા વગર તેમણે ભુતકાળની યોજના ઉપર પર પ્રહાર કર્યા હતા અને કહ્યુ કે પહેલા ઘણી યોજનાઓ બનતી હતી પરંતુ તેનુ નામ પણ લોકો સુધી પહોચતુ ન હતુ, આજે યોજનાઓ છેવાડાના માણસ સુધી પહોચે છે અને તેનુ સ્વમાન જળવાઈ રહે તેવી રીતે અમલ થાય છે.

ગાંધીનગરમાં આયોજીત કાર્યક્રમમાં મુખ્યમંત્રીએ કહ્યુ કે મફતમાં આપવા કરતા તેનુ સ્વમાન જળવાય તે જરૂરી છે. મફત આપીએ અને સ્વમાન ઘવાય તે યોગ્ય નથી, મફત આપીએ અને સ્વમાન સાથે આપીએ તે જરૂરી છે, આ વાત વિપક્ષોની મફતની રેવડી નીતિઓ પર આડકરતો પ્રહાર માનવામાં આવી રહી છે. મુખ્યમંત્રીએ અધિકારીઓને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સાથેનો એક અનુભવ કહી સંભળાવ્યો, તેમણે જણાવ્યુ હતુ કે બીજી વખત મુખ્યમંત્રી તરીકે શપથ લીધા પછી પીએમ સાથે વાત થઈ હતી. તેમણે કાર્યક્રમમાં ૧૦ મીનીટનો ગેપ હોય તો તેમાં પણ કંઈક કામ રાખવાનુ કહ્યુ હતુ, પરંતુ અમારે અહી ઉંધુ છે, અમે ૧૦ મીનીટનો ગેપ વધારીને ૨૦-૩૦ મીનીટ કરીએ છીએ, આ વાતથી અધિકારીઓને સમયના સદપયોગનુ માર્ગદર્શન આપ્યુ હતું. મુખ્યમંત્રીએ વધુમાં કહ્યુ હતુ કે આજે એક જ દિવસે સુશાસન યાદ આવે તેવુ નથી, દરેક દિવસ સુશાસનનો હોવો જોઈએ, દરેક યોજનાના કેન્દ્રમાં નાનો માણસ હોય છે, મુખ્યમંત્રીએ પીએમ મોદીની પ્રેરણા થી શરૂ થયેલા સ્વાગત ઓનલાઈન કાર્યક્રમની પ્રશંસા કરી કહ્યુ કે ૧૦-૧૨ વરસથી વણ ઉકેલ્યા પ્રશ્નોનો નિકાલ આ કાર્યક્રમમાં થાય છે. તેમણે અધિકારીઓને ટકોર કરતા કહ્યુ કે ફરીયાદોનો નિકાલ નિર્ણય શકિતના અભાવે કે વહિવટી ગુંચવાડાઓના કારણે અટકતી નથી, નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ પણ નિવેદન આપ્યુ કે ટેકનોલોજી કામમાં મદદરૂપ થઈ શકે છે. પરંતુ કામ કરવાની વૃત્તિ જરૂરી છે. કેટલાક અધિકારીઓ નાગરીકોના કામમાં વારંવાર કવેરી કાઢે છે તેવી ટકોર પણ કરી હતી. સુશાસન દિવસની સાંજે મુખ્યમંત્રીએ અમદાવાદના કાંકરીયા કાર્નીવલનો શુભારંભ કરાવ્યો હતો. તેમણે કહ્યુ કે આ કાર્નીવલનો ઉદેશ નાના માણસને એન્જોયમેન્ટ ની તક આપવાનો છે. જે પીએમ મોદીએ શરૂ કર્યો હતો. આ વરસે ૨૫ થી ૩૧ ડીસેમ્બર સુધી ચાલનારા કાર્નીવલમાં ૧૨ લાખ થી વધુ લોકોની અપેક્ષા છે.

# હમ કહા... આપ કહા હોંગે... રાજયના પોલીસવડા વિકાસ સહાયે વિદાય માંગી લીધી



પ્રતિનિધિ,ગાંધીનગર

તસવીર યુનુસ મેમણ

ગુજરાતમાં મુખ્યમંત્રી કાર્યાલયથી સરકારના વિવિધ વિભાગોના મુખ્ય સચિવોની જે રીતે એક થી બીજા વિભાગોમાં બદલી થઈ અને રીફલીંગનો પ્રથમ તબકકો પુરો થયો છે તો હવે એક તરફ નવા ડીજીની નિયુકિત કયારે થશે તેનો ઈંતેજાર છે. અને તારીખ ૩૧ ના રોજ રાજયના પોલીસવડા શ્રી વિકાસ સહાય નિવૃત્ત થઈ રહ્યા છે તેવો અગાઉ જ ૬ માસના એકસટેન્શન પર છે અને તેની રાજય સરકાર આ અંગે હવે નિર્ણય લઈ શકે છે. આગામી સપ્તાહે નિર્ણય લઈ શકે તે વચ્ચે શ્રીવિકાસ સહાયે હાલમાં જ બે દિવસની ક્રાઈમ કોન્ફરન્સમાં કરેલા વિધાનો સુચક છે, નાયબ મુખ્યમંત્રી તથા ગૃહવિભાગનો હવાલો સંભાળતા શ્રી હર્ષ સંઘવી તથા રાજયના તમામ ટોચના પોલીસ અધિકારીઓની વચ્ચે શ્રી વિકાસ સહાયે વિદાય લેતા હોય તેવુ જણાવતા કહ્યુ કે હવે આપણે કયાં કયારે મળીશુ તે કહી શકાય નહી, મળવુ કે નહી મળીએ તે પણ નિશ્ચિત નથી, અમે કયાં હશુ અને તમો બધા પણ હાલ તો અહી જ હશો, પણ મને ૩ વરસમાં તમારા તમામનો જે સાથ સહકાર મળ્યો તે બદલ હું તમારો આભાર માની લઉ છું, શ્રી સહાયે હમ કહા આપ કહા કહીને જ તેઓ હવે સંભવતઃ નિવૃત્તિ ભણી જઈ રહ્યા છે. તે સંકેત આપી દીધો છે. તો તેની સાથે જ આ સમારોહમાં બેસેલા બે થી ત્રણ ઉચ્ચ અધિકારીઓ જે ભવિષ્યના પોલીસવડા બની શકે છે. તેના તરફ સૌનુ ધ્યાન ગયુ હતુ,